श्री.

शंकर स्तवन.



પ્રસિદ્ધ કર્ત્તા.

અમથારામ લીલાધર વ્યાસ.

શ્રી

શંકર સ્તવન.

(બડોલી નારાયણેશ્વર મંડળ માટે)

પ્રસિદ્ધ કર્તા.

અમથારામ લીલાધર વ્યાસ.

શ્રી નારાયણેશ્વર મંડળનો વ્યવસ્થાપક; શ્રી બડોલી હિતેચ્છુ સભાનો સભાસદ; શ્રી બડોલી વેદપાઠશાળા વર્કિંગ કમિટિનો મેમ્બર. 'ત્રિકાળસંધ્યા' 'શીવરાત્રિ મેળાનાં ગાયનો' વગેરે પ્રગટ કરનાર. ઈ. ઈ.

અમદાવાદ.

શ્રી "મુદ્રણકળામંદિર" લિમિટેડ, ખાડિયા.

મૂલ્ય રૂ. ૦-૨-૦.

संसारतापहरणंगिरिजाधवंकं दक्षप्रजापतिपुरःसुरदेवसेव्यम् ।
हेरम्बनन्दिगणशोभितद्वारभागम् नारायणेश्वरमजंभजरेमनुष्यः ॥ १

वाराणसीपुरपतिनगजासमेतं श्रीशंकरंपशुपतिंवृषभाधिरुढम् ।
विश्वेश्वरंसतिपतिचभवाब्धिपोतम् नारायणेश्वरमजंभजरेमनुष्यः ॥ २

कपुर्रकुन्दधवलंत्रिपुरासुरारिम् गंगाविभूषितजटंहुतवाहनाक्षम् ।
श्रीचंद्रशेखरमपारबलंस्मरारिम् नारायणेश्वरमजंभजरेमनुष्यः ॥ ३

मूडठ्ठिलालपुरईडरश्रीवडोली ग्रामालयद्विजवरैःप्रथितप्रतापम् ।
गंगासतीचरितसंस्मरणैकहेतुम् नारायणेश्वरमजंभजरेमनुष्यः ॥ ४

कंकेश्वरंलुचुमर्डकृतवामभागं पापौघभंजनप्रचंडतरंत्रिनेत्रम् ।
श्रीखर्परासिमहिवृन्दकृतोपवीतं नारायणेश्वरमजंभजरेमनुष्यः ॥ ५

संभेदमध्यरचिताश्मगृहाधिराजम् त्रि-कूटसंस्थितमृगेन्द्रसुशोभमानम् ।
सेव्यंनरैरिडरपत्तनवासिभिस्तं नारायणेरमजंभजरेमनुष्यः ॥ ६

वाणाननंकलुशमत्तद्विपाधिपानां सर्पान्तकादिविशदारिदितेसुतानां ।

दावानलंमरणशोकजराद्यविनां नारायणेश्वरमजंभजरेमनुष्यः ॥ ७
तृष्णांविहायपरिहृत्यजनस्यछिद्रम् पंकेरतिजगन्निवायमनःसमाधौ ।
कृत्वाहृदयम्बुजविराजितदेवदेवं नारायणेश्वरमजंभजरेमनुष्यः ॥ ८

इतिश्री ब्रह्मचारी महाराज श्री चेतनानंदजी महाराज विरचितं शिवाष्टकं सम्पूर्णम् ।

—:o:—

અર્પણપત્રિકા.

ઊદિચ્યજ્ઞાતિરત્ન.

રા. રા. ચતુરભુજ માણકેશ્વર ભટ્ટ.

બડોલી.

આપ કૃપાળુ બંધુ, સ્વદેશાભિમાની, જ્ઞાતિ હિતેચ્છુ, વિવેકી, અને શાન્ત સ્વભાવવાળા છો; શ્રી નારાયણેશ્વર મહાદેવની મંડલી સ્થાપવામાં, આપજ આશ્રય રૂપછો; તેમજ શ્રી બડોલી વેદ પાઠ શાળા તથા બડોલી હિતેચ્છુ સભા, પણ આપ જેવા સ્વધર્માભિમાની પુરૂષના પરિશ્રમથીજ સંસ્થાપિત થયેલીછે, આપે તન, મન, ધનને પ્રેમ પૂર્વક અર્પણ કરી, સભાઓ મેળવી, તેમાં ભાષણ આપી, સ્વજ્ઞાતિબંધુઓના મનનો વ્હેમ દૂર કરી, દુષ્ટ રીવાજો નિકંદન કરી, સર્વે બંધુઓનાં અંત:કરણ ધર્મના પાયા ઊપરલાવી મૂક્યાં છે; તેથી અને એવા એવા ગુણોથી પ્રસન્ન થઈ, આ શંકર સ્તવનનું નાનકડું પુસ્તક જે આપના આશ્રયથીજ રચાઈ શકાયુંછે, તે આપનેજ અર્પણ કરવામાં આનંદ પામુંછું.

આપનો સ્નેહી,

અમથારામ લીલાધર વ્યાસ.

પ્રસ્તાવના.

બહુજ હર્ષની વાત છે કે, હજારો વર્ષની ગાઢ નિદ્રાપૂરી થયા પછી, આપણો બ્રાહ્મણ વર્ગ હવે જરા આંખ ઉઘાડી પાસું ફેરવી, પોતાની અસલ સ્થીતિનું ભાન લાવે છે ! કયાં, ગૌતમ, કપિલ, ભ્રગુ, વિગેરે મહાન—તપસ્વી મહર્ષીઓનો સમય, ને કયાં આ છળ કપટથી ભરેલા કળિકાળના દિવસો ? ! જયારે એ મહાન પુરૂષો—સિંધુ, ગંગા, યમુના, સરસ્વતિ વિગેરે નદીઓના તટપર પર્ણકુટિઓ બાંધી, અહર્નિશ વેદાધ્યયનમાં--પોતાના નિત્ય કર્મોમાં પોતાનો સમય વ્યતિત કરતા, ત્યારે આપણામાંના અસંખ્ય બ્રાહ્મણો નિત્યકર્મશું છે એજ સમજતા નથી ! સવારમાં ઉઠી સ્નાનાદિક ક્રિયા વગરજ, કપાળમાં ચાંલ્લો કરી, ઘર ઘર ભમી, કોઇની ખુસામત કરી, કોઇને ઉધું ચતું--મંતર જંતર, ગ્રહપીડન સમજાવી, ગમે તેમ કરી ધર્મથી કે અધર્મથી દ્રવ્ય હરણ કરી પ્રારબ્ધથી નિર્માણ થયેલાં વર્ષો પૂરાં કરી, ભવિષ્યનો જન્મ પણ બગાડતા કેટલા બ્રાહ્મણો આપણે જોઇએ છીએ ? ! !

બ્રાહ્મણનો અવતાર છે એ કેટલાં મહાન તપનું ફળ છે ? !

[1]जन्तुनां नरजन्म दुर्लभमतः पुंस्त्वं ततो विप्रता

એવા અનેક જન્મોના સુકર્મથી મળેલા બ્રાહ્મણના અવતારનો આ ઉપયોગ ? ! ! ખરેખર ! વાંદરાના હાથમાં હીરો આપીએ તોતે નાંખીજ દેશે.

પણ ખરૂં પૂછાવોતો આપણે એકલા નિત્યકર્મનોજ ત્યાગ ક-

---

૧ જંતુઓમાં નરનો જન્મ મળવો દુર્લભ છે, તેમાં પણ બ્રાહ્મણનો જન્મ મળવો દુર્લભ છે. શ્રી શંકરાચાર્યકૃત વિવેક ચૂડામણી

યો છે એટલુંજ નહિ, પરંતુ તે પછવાડે બ્રાહ્મણના ભૂષણ રૂપ કેટલાક મહાન્ સદ્‌ગુણોનો ત્યાગ કર્યો છે--ત્યાગ એની મેળેજ થયો છે. વેદનો લગભગ લોપ થયા જેવું થયું પછી શું રહે ?

કોઇ કહેશે કે વેદનો લોપ કયાં થયો છે ? ! બ્રાહ્મણો વેદનો મુખપાઠ નિત્ય કરે છે ! પરંતુ વ્યાકરણ વિના અર્થ સમજાય નહી, અર્થ વિના જ્ઞાન થાય નહિ, અને જ્ઞાન વિનાની ભક્તિ કેવળ લૂખી લાગે છે. માટે જયાં સુધી વ્યાકરણ સહિત ગીર્વાણ ભાષા શીખાય નહિ ત્યાં લીધી એકલું પઠન શા કામનું ?

વેદનો લોપ થવા લાગ્યો તે સમય બહુ વિપરીત હતો, તેથી ભિન્ન ભિન્ન કારણોથી કેટલાક કુચાલોએ આપણામાં પ્રવેશ કર્યો.

તેમાં પ્રથમતો બાળ લગ્નથી આપણને બહુ સહન કરવું પડે છે, અજ્ઞાન માબાપો, પોતાનાં છોકરાં કુવારાં રહી જવાની ભીતિથી, અથવા જ્ઞાતિમાં—પોતાનાં છોકરાં જલદી પરણે છે માટે અમે કુળવાન છઇએ એવું કહેવડાવવા—છેક બચપણમાંથી છોકરાંને પરણાવી દે છે. જે સમય બાળકોને કેળવણી લઇ ભવિષ્યમાં પોતાનો સંસાર સુધારવા માટે રોકવાનો છે, તે સમય, માબાપોએમને પરણાવી, ઘરેણાંથી શણગારી, એમના સુકુમાર અવયવોને અયોગ્ય કાળે સંસાર વિટંબનામાં નાંખી એમને હમેશનાં દુઃખી કરી, રોગી બનાવી, પાપનાં અધિકારી થાય છે એ કેટલું શોચકરતા છે ? ! નથી વિચારતાં તેમનું પોતાનું સુખ, કે નથી જોતાં બાળકોનું સુખ !

વેદમાં સોળ વર્ષે સ્ત્રીનું, અને પચીશ વર્ષે પુરૂષનું લગ્ન કરવાનું કહેલું છે—

આ કળિયુગમાં પરાશરને અનુસરીને તેર વર્ષની હદ બંધાઇ છે. તેમ છતાં અગીયાર વર્ષ સુધી પણ કેટલાક શાસ્ત્રકારોના

મત પ્રમાણે બાધ નથી, પરંતુ છેક બચપણથી બાળકોને લગ્નની પવિત્ર ગાંઠથી બાંધી દેવાં એ ગેરઇનસાફ છે—અધર્મ છે—બાળકોપર ક્રુરતા છે– કસાઇપણાથી અધિક ક્રુરતા ભરેલું કર્મ છે.

બાળલગ્નથી દુ:ખી થતાં સ્ત્રી પુરૂષોના હજારો દાખલા પ્રત્યક્ષ આપણ અહર્નિશ જોઇએ છીએ. વર્તમાનપત્રો, ભાષણકારો, ને અસંખ્ય પુસ્તકો આખા દેશમાં એક અવાજે પોકારી રહ્યાં છે પણ આપણ બ્હેરા ધબ !! કડવાં વચન બોલી શાખામણ દેતી માતાની પેઠે મૃદુસ્વરથી સુચન કરનાર વૈદક શાસ્ત્રને આપણ માનતા નથી તો બીજાની શી વિશાત ? પણ આપણ આમ છેક સુધી નહિ માનીએ તો પરિણામ શું થશે તેનો વિચાર કર્યો ? ! ભવિષ્યની પ્રજા **પુરૂષોનાં** છોકરાં નહિ કહેવાય પણ **છોકરાં**નાં છોકરાં થશે ! એમનામાં શૌર્ય—હિમ્મત પણ ઓછી થશે. એમ કરતાં આખી પ્રજા નિર્વીર્ય બનશે, આયુષ્ય ઓછું થશે.

એથી પણ ત્રાસદાયક રિવાજ કન્યા વિક્રયને સાટાંનો છે. આપણી જ્ઞાતિના આગેવાનોએ બહુ પરિશ્રમથી આ દુષ્ટ રિવાજોને બંધ કર્યા છે—તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. પરંતુ આમ કર્યા છતાં પણ કેટલાક અબ્રાહ્મણ—અધમજીવો ખૂણા ખોચરામાં ભરાઇ ગુપ્ત રીતે આ કર્મ કરે છે; એમને અટકાવવા—એમને યોગ્ય શાસન આપવા માટે બંદોબસ્ત કરવાની આવશ્યકતા છે. આપણ જાતે પાપ ન કરીએ પરંતુ આપણી નજર સમક્ષ પણ થાય તો તેમાં આંખ આડાકાન કરવામાં આપણ દોષના અધિકારી થઇએ છીએ. માટે એવા નિર્માલ્ય પ્રાણિયોનો સમજુ જ્ઞાતિબંધુઓએ તિરસ્કાર કરવો જોઇએ, એમને ઉઘાડા પાડી દઇ શરમાવવા જોઇએ, જેથી આ દુષ્ટ રિવાજ નાબુદ થાય.

બીજો કુચાલ મોટાં ખર્ચનો છે. આ બંધથઈ શકયો નથી. કારણ બંધ થઇ શકે એમ નથી—જ્યારે જ્ઞાતિમાંથી દરેક પુરૂષ સમજુ થાય ત્યારે એની મેળે એ બંધ થશે. પાસે દ્રવ્ય હોય, તે કદાચ્ ખરચે તો થોડી અડચણ છે, પરંતુ કરજ કરીને એક દિવસના યશમાટે જીંદગી પર્યંત દુઃખીથવું એ મુર્ખાઇ છે. એજ રકમ કોઇ વિદ્યાવૃદ્ધિના કામમાં, કોઇ બીજા પરમાર્થના કાર્યમાં રોકી હોય તો તેથી અક્ષય કીર્તિ થાય છે, અને કીર્તિનો લોભ ન હોયતો એથી હજારો મનુષ્યનું કલ્યાણ હમેશને માટે થાય છે એજ એનો ખરો વ્યય છે. જ્ઞાતિવરા પાછળ હજારો રૂપિઆ ખર્ચ કરવાથી કંઇ જ્ઞાતિના અગ્રેસરની પદવી મળતી નથી. જ્ઞાતિવરા કરવા વાળાઓનાં છોકરાંના ઉમર લાયક થયે દશ વીશ જણ ચાંલ્લો કરવા આવતા નથી. વીશજ્ઞાતિ ભોજન સાથે કર્યાં હોય તો દશ વર્ષ પછી સૌ ભૂલી જાય છે—પાણીમાં લેખ લખ્યા બરોબર થઇ રેહે છે.

સૌથી નિર્લજ વળી એક બે કુચાલો છે, તે જોઇ પુરૂષોનાં હૃદય કાંપી આવે છે. એકતો લગ્ન સમયે સ્ત્રીઓ જે ફટાણાં ગાય છે તે લગભગ દરેક જ્ઞાતિ એ બંધ કર્યા છતાં જરા પણ અટકયું હોય એમ જણાતું નથી. બંધ કર્યા છતાં પણ અટકતું નથી એનું એક સબળ કારણ છે, ને તે અનુભવથી ખાત્રી થઈ છે. કેટલાક પુરૂષો જેઓ બધ કરવામાં પણ સામેલ હોય છે તેઓ એ ફટાણામાં રસ લેછે--એમનેજ એ પસંદ પડતી વાત હોય એમ કઇક જણાય છે; એવા બાયલા-રસિક પુરૂષો એ કુંચાલના—ભરી સભામાં ભક્ષક થઇ—ગુપ્ત રીતે રક્ષક થાય છેઃ આ અનાચાર ઓછો થાય એ નીતિપર આધાર છે. નીતિ કેળવણીથી થાય છે.

પણ એથી વધારે જંગલી રિવાજ મરણ સમયે છાતી કુટી-

ને રોવાનો છે. દુનિયાના કોઈ ભાગમાં સ્ત્રીઓએ આવા ઢોંગ કરવાનો દાખલો સાંભળ્યો નથી. તેમ આર્યભૂમિમાં પણ ફક્ત ગુજરાતને કાઠિયાવાડ સિવાય કોઇ સ્થળે નથી. આ ધતંગ મુસલમાની સમયમાં જન્મ પામ્યું હોય એમ લાગે છે. એ વીષે વિવેચન કરવા માટે જુદૂં પુસ્તક જોઇએ. શ્રી બડોલી હિતેચ્છુ-સભામાં વારંવાર એ વીષે ભાષણ થયા છતાં આ જંગલી રિવાજ નાબુદ કરવામાં આપણ હજુ સંપૂર્ણ રીતે ફત્તેહમંદ થયા નથી. ટુંકામાં એટલુંજ કે જ્ઞાતિના દરેક શુભેચ્છકોએ માથેથી આ મ્હોટું એક કલંક કહાડવા તત્પર થવું જોઇએ. સૌ કબુલ કરે છે કે, "હા, આ ખોટુ દેખાય છે, પણ પોતાને ઘેર સમય આવ્યે:--

परोपदेशे पांडित्यं सर्वदा सुकरं नृणाम् ।

જેવું થાય છે એવા વિરલા પુરૂષો આપણી જ્ઞાતિમાં વેદશાસ્ત્ર સંપન્ન શ્રી દેવશંકર મહાનંદ શાસ્ત્રી, રા. રા. નંદરામ નિત્યારામ વ્યાસ, સ્વર્ગવાસી રા. રા. નર્મદાશંકર હરજીવન ભટ્ટ રા. રા. કાશીનાથજી જીવતરામ સુવેરવાલા તથા રા. રા. કુબેરજી વેણીરામ ભટ્ટ જેવા સર્વ સ્થળે થવા જોઇએ છે!

આ બધા કુચાલો ધર્મ ભ્રષ્ટ થવાથીજ જન્મ પામે છે--આપણી એકજ જ્ઞાતિમાં એવું કંઇ નથી; પરંતુ સર્વ સ્થળે એમ છે. બ્રાહ્મણેનિત્ય કર્મ છોડયું ત્યારથીજ એ ભ્રષ્ટ થયો. ધર્મ પરિપાલનથીજ સર્વ કાર્ય સિદ્ધિ થાય છે:—

विद्यावित्तंवपुःशौर्यंकुलेजन्माविरोगिता
संसारोच्छित्तिहेतश्चधर्मादेवप्रवर्त्तते ॥
धर्म्माद्राज्यंधनंसौख्यमधर्म्माद्दुःखसंभवः
तस्माद्धर्म्मसुखार्थायकुर्यात्पापंचवर्ज्जयेत्[1] ॥

---

૧ વિદ્યા, દ્રવ્ય, શરીર, શૈર્ય અથવા પરાક્રમ, ઉચ્ચ કે નીચકૂળમાં

પરંતુ ઇશ્વર કૃપાથી હવે આપણુ જરા સાવધ થઇએ છીએ. ભવિષ્યની પ્રજા તો હવે અવશ્ય સ્વધર્મ સમજાશે—એવો એમનો રસ્તો સરળ કરવા આપણે જે પ્રયત્ન ચાલુ કર્યા છે એ ઘણોજ પ્રશંસનીય છે.

આ પુસ્તક છપાવવાનો મુખ્ય હેતુ સ્વધર્મથી ભ્રષ્ટ થયેલા ભૂદેવોને ધર્મનું ભાન આપી ઉત્સાહ આપી સન્માર્ગે ચઢાવવાનો છે—

જન્મ, શરીરની આરોગ્યતા, સંસારમાંથી મુક્ત થવું, આ સર્વ હેતુ ધર્મથી પાર પડે છે.

ધર્મથી રાજ્ય, ધન, સુખ મળે છે, અધર્મથી દુઃખ પ્રાપ્ત થાય છે માટે ધર્મનું પ્રતિપાલન કરી અધર્મ આચરવો ન જોઇએ.

From

Gayatri explained by

P.of ss‌or Taranath Tark Vachaspati.

"कोवाब्राह्मणइति ब्रह्मवित्सएवब्राह्मणः

હવે બ્રાહ્મણનો ધર્મ શો, એ જાણવાની આવશ્યક્તા છે:—

अध्यापनमध्ययनंयजनंचाजनंतथा

दानंप्रतिग्रहश्चैयषट्कर्माण्यग्रजन्मनः

(ટીકા—ભણાવવું, ભણવું, યજ્ઞકરવો, યજ્ઞ કરાવવો, દાનલેવું, ને દાન આપવું એ બ્રાહ્મણનાં ષટ્ કર્મ છે.)

હવે આપણ ઉપરનાં કર્મોમાંથી કયાં કરીએ છીએ? આ વાવાત સૌ કોઇના જાણમાં છે. વિદ્યા રહિત, સ્વધર્મથી નષ્ટ થઇ, નરમ મગજનાં લોકોને ઉંધું ચતું સમજાવી, કપટથી પેટપોષણ કરવું નિત્ય કર્મ" સમજી બેઠા છીએ. સ્નાન સંધ્યા ભસ્મ વિલેપન

ડુપ કુચાલોનું નિકંદન કરાવવાનો છે—ગીર્વાણ ભાષા ઉપર સ્નેહ ઉત્પન્ન કરાવવાનો છે—નિદ્રાવશ થયેલાઓને જગાડવાનો છે—અને સર્વ બ્રાહ્મણોને સ્વધર્મે ચઢવા પાણી ચઢાવવાનો છે—વખતને અનુસરીને, ગાયન, અને મંડળીથીજ કાર્યસિદ્ધિ થશે એમ યોગ્ય લાગ્યાથી આ પ્રમાણે થયું છે—આથી એકાદ વર્ષના અનુભવથી માલમ પડ્યું છે કે ઇચ્છિત કાર્ય પ્રયત્ન—અંતથી પાર પડશે. શ્રી નારાયણે-

---

રૂદ્રાક્ષ ધારણ, ઇત્યાદિ ધર્મ કર્મોને બદલે ઉપરનાં કર્મો થયાં છે!!

यस्यमालेवि ूतिर्नंनांगेरूद्राक्षधारणम्

नशंभोर्भवनेपूजासाविप्रश्वपचाधमः

इतिशीवार्चनदीपिकावाउक्तम् ।

અર્થ:—જેના કપાળમાં વિભૂતિ નથી, અંગે રૂદ્રાક્ષ ધારણ કરેલો નથી, શંકરની પૂજા ઘરમાં નથી, એ વિપ્ર નીચથી પણ નીચ છે.

ફકત યજ્ઞોપવિત ધારણ કરવાથી બ્રાહ્મણપણું આવતું નથી; તેમ કરવાથી જો આવતું હોય તો, સુથાર, શિલ્પી, ઇત્યાદિ વર્ણ પણ બ્રાહ્મણ કહેવી જોઇએ!

બ્રાહ્મણપણું શાથી થયું તે આપણને ભાન નથી, તો પછી આપણી ભવિષ્યની પ્રજા શી રીતે જાણશે? ઉપનીશદ વગેરે ગ્રંથોમાં कोवाब्रह्मइति વગેરે પ્રશ્ન કર્યા છે. તેનો ઉત્તર એમ કહેલો છે કે:—

ब्रह्मवितसएवब्राह्मणः

ફકત બ્રાહ્મણને ઘેર જન્મ થવાથી બ્રહ્મવિદ્યાના અધિકારીજ માત્ર થઇએ છીએ અને આ બ્રહ્મ સુત્રજ આપણને બ્રહ્મપંક્તિમાં આણે છે; માટે તે સમયનો ગુરૂનો ઉપદેશ યથાસ્થિતિ સ્મરણમાં રાખી તે પ્રમાણે વર્તન કરવું જોઇએ.

શ્રર મંડળના ઉત્સાહે, શ્રી બડોલી હિતેચ્છુ સભાના ઉત્સાહને જન્મ આપ્યો છે. એમાં વળી ઇડર રાજ્યના ઉત્સાહી અમલદારો તરફથી સંપૂર્ણ આશ્રય છે. એમાં સાક્ષર શ્રી નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી. રા. રા. મોહનલાલ ગુલાબરામ. રા. રા. ઉમીયાશંકર નાથાભાઇ પૂરોહિત–તથા. રા. રા.ગણપતરામ ગીરજાશંકર પાધ્યા ફોજદાર વિગેરેની પ્રસંગોપાત સભામાં હાજરીને લીધે સભા એ ગ્રહસ્થોનો ઉપકાર માને છે.

પરતુ યજ્ઞોપવિત ધારણ કરવાનો આપણો વિધી બહુ નિંદક છે! વરઘોડા ચડાવવા, જ્ઞાતિભોજન કરવું, મેવડાનચાડવા, ઇત્યાદિક નિરર્થકને મુર્ખાઈ ભરેલાં ખર્ચો કરવાથી જનોઇ નથી દેવાતી !! શાસ્ત્ર પ્રમાણે વધીવત્ સર્વ થવું જોઇએ.

યજ્ઞો પવિત સંસ્કાર સમયે ગુરૂના મુખ્ય ઉપદેશનો સાર એજ છે કેઃ—

सारभूतातुवेदानांगुह्योपनीशदोमता ।
ताभ्यस्सारस्तुगायत्रीस्तिस्रोव्याहृदय
स्तथा
उंकारपूर्विकास्तिस्रोगायत्रीयिश्चवीदर्ता
चरित्रब्रह्मचर्यचसवैश्रोत्रियउच्यते ।

ચાર વેદો, અને ઉપનીશદોના ગુહ્ય સાર ભૂત ત્રણ વ્યા હ્યતિ સાથે ગાયત્રી રહેલી છે. એ ગાયત્રીનું ચિંતવન અકાર અને ત્રણ વ્યા હ્યતિ સાથે જે કરે છે તેને બ્રાહ્મણ જાણવો. ”

શ્રી બડોલી હિતેચ્છુ સભામાં વેદશાળાના અધ્યાપક શાસ્ત્રીજી દેવશંકર મહાનંદજીના ચિરંજીવ શ્રીહરીશંકર મહારાજના વ્યાખ્યાનમાંથી.

વળી સભાના તથા પાઠશાળાના કાર્યમાં અને શ્રી નારાયણેશ્વર મંડળ પ્રત્ય ઘણોજ ઉત્સાહ બનાવવા માટે તથા તે સબંધી કાર્યમાં વખતો વખત ધનનો વ્યય કરવા માટે રા. રા. મોહનલાલ તુલજારામ રાવળ તથા. રા. રા. રત્નેશ્વર ભાઈશંકર (શ્રી બડોલી હિતેચ્છુ સભાના ઉપપ્રમુખ) નો સંપૂર્ણ રીતે આભાર માનવાની તક લઇએ છીએ.

વળી નીચેના સદ્‌ગ્રહસ્થો હર વખત તન મન ધનથી પરિશ્રમ લઇ જ્ઞાતિના ઉન્નતિ માટે પોતાના ધનનો તથા વખતનો ભોગ આપે છે માટે તેઓનો ઉપકાર માનીએ છીએઃ--

રા. રા. મયારામ તુલજારા રાવળ. રા. રા. વેણીરામ તુલજારામ ભટ.
રા. રા. પ્રેલ્હાદજી ધીરજરામ યાજ્ઞિક. રા. રા. દામોદર જેશંકર ભટ.
રા. રા. કાશીનાથ જીવતરાથ ઠાકર રા. રા. કુબેરજી વેણીરામ ભટ.
રા. રા. બળદેવજી મયારામ યાજ્ઞિક રા. રા. મહાશંકર મયારામ. રાવળ
રા, રા. મોતીરામ તુલજારામ રાવળ. રા. રા જમીયતરામ પ્રલ્હાદજી યાજ્ઞિક
રા. રા. કુબેરજી દેવશંકર જપી. રા. રા. કોદરલાલ લાલજી વ્યાસ.
રા. રા. નરભેરામ ઉદેરામ ભટ રા. રા. કેશવરામ ભવાનીશંકર જપી
રા. રા. પીતાંબર કીરપારામ ભટ રા. રા. હરજીવન શીવદત્ત ભટ
રા. રા. ધનેશ્વર ખેમરામ રાવળ રા. રા. નર્બદાશંકર નંદરામ ગોર
રા. રા. શુકલ હરીશંકર દેવશંકર રા. રા. પટેલ તળશી બ્હેચર. મુખી

ઉપરના ગ્રહસ્થોએ જે ઉત્સાહ બતાવ્યો છે તે સ્તુતિ પાત્ર છે. આશા છે કે એવાજ ઉત્સાહથી જે કાર્ય તેઓએ હાથમાં લીધું છે તે પૂરૂં પાડશે.

આ પુસ્તકમાં જે કાવ્ય છે તે સાક્ષર શ્રીયુત્ નગીનદાસ પુ-

રુષોત્તમદાસ સંઘવી, ગ. રા. ચતુરભુજ માણકેશ્વર ભટ્ટ તથા એક વિદ્વાન્ આપ્તનો શ્રમ છે; માટે આ પ્રસંગે એમનો ઉપકાર માનુંછું; તે સિવાય કેટલોક પ્રયત્ન મારો છે.

વળી આ પુસ્તક છપાવવામાં આગળથી આશ્રય આપનાર ગ્રહસ્થોને પણ ઉપકાર માનીએ છીએ; આ પુસ્તકસંબંધી જે કંઇ શ્રમ થયો છે તે સર્વ શ્રી નારાયણેશ્વર મહાદેવને અર્પણ છે, તેથી આમાંથી જે લાભ થશે તે શ્રી નારાયણેશ્વર મહાદેવના દેવાલયના ફંડ ખાતે જશે.

બડોલી
તા. ૭-૧૧-૯૮

અમથારામ લીલાધર વ્યાસ.

શંકરસ્તવન.

સરસ્વતી સ્વતન—

૧

[આરંભે]

[૧]જય! જય! શારદ જગજનની!
જય સરસ્વતી! દેવી ભગવતી!
શાંતિદા (૨) શારદા, સારદા,
હંસવાહિની, વેદધ્યાયિની-શારદ.
પદ્માસની સુરલોકવાસિની,
જગદ્ પ્રણમ્ય અગમ્ય ગામિની,
કવિકુલ ચર્ચિત કુસુમ ધારિણી,
ભયહર સકલ ભુતલ વિહારિણી.
હારિણી ,હારિણી, કષ્ટ સંહારિણી,
ચતુરભુજા સેવક સુખ કારિણી,
શારદ જગજનની—
જય જય!

---

૧ "નમામિ મહિષ્યાસુર અર્દની", નેમળતો.

૨

[સભાના આરંભે.]

[1]મહા ઉત્સવ સમયે, સહુ ભલે પધાર્યા ભ્રાત !
સમાજ મધ્યે શોભે, શી સંપમૂર્તિ સાક્ષાત !!
વિનતિ સ્વીકારી શીવભક્તોની—(૨)
ધરી ધૂર્જટિનું શુભ ધ્યાન—
સુણવા શંકર યશગાન—
દીધું આવી અમોને માન—મહા—
કુચાલ રાક્ષસ કનડે જગમાં (૨)
કરે પ્રજા સકળ હેરાન—
પાય છે નિશદિન વિષપાન—
તેને આ છે ઠાર કર્યાનું સ્થાન— મહા—

૩

[સભાના આરંભે.

[2]જય જય જય ત્રિપુર શમન, પાર્વતી પતિ,
નિટિલનયન કુટિલ દમન, જટિલ ધુર્જટિ, જય. ટેક.
કપુર ધવલ શરિર શુકલ, શશિ શિરે સદા,
ઉજવલો સુભસ્મભાસ, અંગસર્વદા,
સ્વેતહિમગિરિ સુતા, નિજાંક શાંન્તિદા,

---

૧ "મસેરા ભૂપાળો તમે આવી દીધું બહુ માન" (સંયુક્તા)
શિરા સમાજને કટક મળતો—
૨ " સુંદરમુખ તુદિલવપુ નંદિકેશ્વરા "

દેવા, સેવા, તારી, સારી થાય સતત,
એવી આપ, નિત્ય સન્મતિ; જય. ૧
નિખિલભુવન પુજ્ય નાથ! નંદી વાહના,
અલ્પ ક્રોધ, અનલઅલધિ, કામ દાહના,
ધારક સુર સરિતના પ્રબલ પ્રવાહના,
શંભુ, થંભુ, તારે પારે, અમસમાન,
પશુ તણો છું તુંજ પશુપતિ; જય. ૨
જટાવાલ, મુકુટખાલ ગજનિ વસ્ત્રમાં,
ભુષણ વ્યાલ, કરકપાલ, ત્રિશુલ શસ્ત્રમાં,
ભુતકરાલ, દ્વારપાલ, ડમરૂહસ્તમાં,
કર્તા, ધર્તા, હર્તા, દાતા,
સંધવી તણો તું એક મંગલાપતિ;

ગઝલ–

૪

[સભાપચી]

સ્વધર્મ નહિ છોડવો સ્વદેશી બંધુઓ,
સુકર્મથી મળેલ મનુષ્યજન્મ શું ખુઓ?
કરો ઉપાય ક્રોડ મનુષ દેહના મળે,
સદાય શીલથીજ જન્મ આપદા ટળે!
ઉઠો! ઉઠો! સ્વદેશી સહુ ઉંઘથી અરે!
રૂઠો! સહુ સુસંપથકી વ્હેમ ઉપરે!

સાખી--

બ્રહ્મચર્યને પાળવા, ધરો સુધારો ધ્યાન,
બાળલગ્ન અટકાવિને, બંધુઓ બનો બળવાન,
બરાસીભુમી સંગસજીને સુધારવી,
કુચાલ છોડી સર્વ બંધુ વિપત ટાળવી!
બુદ્ધત્વથી ભરેલ ભૂમી નિંદ્ય ભાસતા!
ભરેલ હેમપાત્ર તણી શ્યામ આકૃતી!!

સાખી—

કેળવણી વિણકારમી, સ્થીતિ દીસે છે હાલ,
શંકર આગળ નમી અને, તેનો કરો સવાલ.
ઉઠો સહુ સ્વદેશીઓ સુકર્મ આદરો.
ચતુરભુજ હરિ આ વિનંતિ દિલ ધરો!

ગઝલ=

૫

[મંદિર આગળ]

જય જય જય નારાયણ ઇશ શંકરા,
જય જય જય એક વસ્તુ રૂપહરિહરા. ૧
જય જય જય રત્ન મુકટ ધર રમાપતિ,
જય જય જય જટા જુટધર ઉમાપતિ. ૨
જય જય જય પીત વસન ધાર નારની,
જય જય જય ભસ્મેથી વિરાજ નારની ૩

જય જય મણિ માલવડે શોભ નારની,
જય જય મુંડ માલ માંહિ લોભ નારની. ૪
જય જય જય કમલહાર ભાર ભૂષણા,
જય જય જય વ્યાલહાર સાથ શોભતા. ૫
જય જય જય કમળનેત્ર શ્રી પતી સદા,
જય જય જય નિટિલનેત્ર સતીપતી સદા. ૬
જય જય જય મૃગમદકૃતતિલક શોભતા,
જય જય મૃગ અંક તિલક સાર ધારતા. ૭
જય જય જય મલયાગર ચંદનાર્ચિતા,
જય જય જય હર સ્મશાન ભસ્મ ચર્ચિતા. ૮
જય જય જય પાંચજન્ય શંખવાદના,
જય જય જય ડમરૂ વાદ્ય ઘોરનાદના. ૯
જય જય જય ચક્ર શસ્ત્રયુત મહા પ્રભો,
જય જય જય ત્રિશુલધારી ધુર્જટિવિભો. ૧૦
જય જય જય નટવરાભિધાન ધારિની,
જય જય જય મહાનટ ત્રિપૂર હારીની. ૧૧
જય જય કામજનક શ્રી મુરારિની,
જય નગીન મદન દહન ત્રિપુરારિની. ૧૨

૬

[મંદિર આગળથી ચાલતાં.

[1]જય જય નારાયણ ઇશ્વરા; ત્રિપુરારીરે,
નિશદિન નમિયે તમ પાય, ભવ ભય હારીરે. ૧
જય સિદ્ધિ, બુદ્ધિ,પતિના પિતા, ત્રિપુરારીરે,

---

૧ " મા પાવાતે ગઢથી ઉતર્યા મા કાળીરે "

જશ, વેદ તમારા ગાય, ભવ ભય હારીરે. ૨
જય હિમગિરિ દુહિતાના પતિ, ત્રિપુરારીરે,
જય દક્ષતણા જામાત્ર, ભવ ભય હારીરે. ૩
જય રૂંડ મુંડ માલી વિભો, ત્રિપુરારી,
જય ભસ્મ વિલેપિત ગાત્ર ભવ ભય હારીરે ૪
જય ભાલચંદ્ર ભવનાપતિ, ત્રિપુરારીરે,
જય જગહિત વિષ ધરનાર, ભવ ભય હારીરે. ૫
જય ચંડ ત્રિશુલ ધરનાથજી, ત્રિપુરારીરે,
જય ક્ષણમાં સંહરનાર, ભવ ભય હારીરે. ૬
જય ભુતગણે વીંટલાયલા, ત્રિપુરારીરે,
જય સ્મશાનમાં વસનાર, ભવ ભય હારીરે. ૭
જય મૃત્યુંજય મહાદેવજી ત્રિપુરારીરે,
નગિનની વ્હારે ધસનાર, ભવ ભય હારીરે. ૮

ગરબો.

૭

[ભટ વેણીરામ નરસીના ઘર આગળના ચોકમાં]—

[૧]જય જય નરપંચાનન શ્રી મહાદેવરે, ગિરિ—જામાતા,
જયદેવી ભવાની નિત્ય કરીયે તમ સેવરે, ગિરિજા—માતા. ૧
જય જય સિદ્ધ પાદુકાપદે ધરનારરે, ગિરિ—જામાતા,
જય અણુવટ વિછવા ઝાંઝરનો ઝમકારરે, ગિરિજા—માતા. ૨
જય ગજખાલ તણા કૌપિનના ધારીરે, ગિરિ—જામાતા,
જય દિવ્યાંબર સુંદર સાડી ધરનારીરે, ગિરિજા—માતા. ૩

---

૧ ફુલણજીના ગરબાનો રાગ.

જય સર્પ તણો અડબંગ કટી કંદોરોરે, ગિરિ—જામાતા,
જય રત્ન મેખલા હીરજરીનો દોરોરે, ગિરિજા—માતા. ૪
જય આગા ગજના ચર્મતણો ઉપરણોરે, ગિરિ—જામાતા,
જય સુરજર કસીનાં ચોળીને વળિ ચરણોરે, ગિરિજા-માતા ૫
જય છોટા સર્પ તણાં કર કંકણ તારાંરે, ગિરિ—જામાતા,
જય ચિન્તા મણિ ગણ સુજડિત કંકણ સારાંરે, ગિરિજા—માતા ૬
જય વ્યાલ યજ્ઞ ઉપવિત કપાલની માલારે, ગિરિ જામાતા,
જય દિવ્ય મહિમ માલા ગુજહિમ બાલારે, ગિરિજા-માતા. ૭
જય નિટિલાક્ષે પ્રલયાનલની જવાલરે, ગિરિ—જામાતા,
જય જય અખંડ શુભ કુકુમચંદ્ર કપાલરે, ગિરિજા—માતા. ૮
જય જય જટા મુકુટમાં ચંદ્ર વિરાજેરે, ગિરિ—જામાતા,
જય દામિની જેથી સૌદામિની પણ લાજેરે, ગિરિજા માતા ૯
જય જય શિરપર ગંગપ્રવાહ તમારોરે ગિરિ—જામાતા,
જય શૈલ સુતાતુજશિરપર સેંથો સારોરે, ગિરિજા-માતા ૧૦
જય જય નિત્ય નિરંજર હર નિર્મોહરે ગિરિ—જામાતા,
જય જગજનની તુજ મોહતણી સંદોહરે, ગિરિજા-માતા ૧૧
જય જય ભસ્મ વિલેપિત શિલ નિસ્સંગરે, ગિરિ—જામાતા
જય જનની નગિનની ચંદન ચર્ચિત અંગેરે, ગિરિજા માતા૧૨

૯

[1] ધીમે ચલો બંધુઓ સૌ સાથે,

---

૧ " ચલાચલા આર્ય ! તમ્હી રસ્તાધા ? " એ નામના મરાઠી ગીતને આધારે. રા. રા. શીવરામ રત્નેશ્વર ભટની સુચના ઉપરથી. આ ગ્રહસ્થના સ્વર્ગવાસથી વડોદીને એક ઉત્સાહી પુરૂષની ખોટ પડી છે. (જન્મ સંવત ૧૯૨૫ મરણ ૧૯૫૫)

લઇ સહુ વાવટા નિજ હાથે, ધીમે.
સુંદર રંગિત સજી પોશાકો. (૨)
આનંદ આનંદ દિન આજ. (બંધુઓ)
આનંદ આનંદ દિન આજરે સરવે સાથે. ધીમે.
શંકર સ્તુતિ સમ બીજું શું છે? (૨)
જય જય એક અવાજ (બોલો સહુ)
હર હર એક અવાજરે. સરવે સાથે. ધીમે.
ભકિત આગળ લત દુનિયાની. (૨)
મુકે નમાવી શીર લાજ, (ભાઇ મારા)
મુકે નમાવી શીર લાજરે, સરવે સાથે. ધીમે.
દેખે દુનિયાં અડોલીના શું, (૨)
ભુદેવ ભરે સમાજ (ભેગા થઇ)
ભુદેવ ભરે સમાજરે સરવે સાથે.
ધીમે ચલો બંધુઓ સૌ સાથે.

ગરબો.

૯

[દેવપુરા આગળ]

[1]આજે આનંદ ઘર ઘર—આનંદ ઘર ઘર,
ભજીએ શ્રી શંકર હર હર હર,
વાજે વાજિત્ર ઘરરર વાજિત્ર ઘરરર,

---

૧ "ગાજે ગગન ઘરરર ગગન ઘરરર" સરદારના દેશી—સમાજ.

ભાગ્યા ભલેરા શ્રી નૃપવર—
છા-જે છત્ર શુંભૂજી ઉપર, ભોળા શંકર પાપ પરહર,
આનંદ ઘર ઘર—આનંદ ઘર ઘર.
પુષ્પો વિધ વિધ ખીલીયાં, આવ્યો આંબે મોર;
કોયલ બોલે મધુર સ્વર, આવી રૂતુ વસત સુખકાર
જનવનને આનંદદા આનંદદા.
ખરેપાન આણી ભાન પુજે તરૂવર શું આનંદદા.
ત્રીવેણી તટપર સ્નેહથી, સરિતામાં કરી સ્નાન,
શીવ પુજા બીલી પત્રથી, લાભ કારીરે,
આવ્યો શીવરાત્રી સમય સુખ કરતા—
સહુ દુઃખ હરતા—જેથી ભક્ત તરતા—
પાપશંકર પરહર—શંકર પરહર—
કરૂણા કૃપાનિધી કર કર કર,
કૃપા કર કર કર—શીવ—હર હર હર
આજે આનંદ ઘર ઘર.

૧૦

ચાલો હરખે સરવે ભ્રાત, દરસન કરવાને,
ગ્રહિ બીલિ પુષ્પનીજ હાથ, દરશન કરવાને,
ધર્મ કર્મ નીજ સંભાળિને, સ્નાન કરી સંગાથ.
દરશન કરવાને, ચાલો.
શ્રી શંકર ગીરિજાપતિ નમિયે, ત્રિલોક કેરા નાથ,
દરશન કરવાને. ચાલો.
અંગ વિભુત ત્રિનેત્રધે ડીગંબર, સત્ય એહનો સાથ,
દરશન કરવાને, ચાલો.

દીલરંજન શીવ ભયભંજનછે, અરિગંજન નીજહાથ.
દરશન કરવાને. ચાલો.

ગરબો.

૧૧

[રામપુરા આગળ]

[1]સંપ હશેતો થાશે તમારો જય જય સઘળે ઠામ.
સાટાં છોડો તો થશે તમારો જય જય સઘળે ઠામ.
બાળકો કેરાં લગ્ન તજો તો જય જય સઘળે ઠામ.
રોવા કુટયાનો કુચાલ તજો તો જય જય સઘળે ઠામ.

સાખી.

સમજુને સમજાવતાં, જરી ન લાગે વાર,
રડવા કુટવાથી કરે, નારી શરીર ખુવાર.

કાણ મોંકાણોને બંધ કરોતો જય જય સઘળે ઠામ.
સાઠ કુંડાળાંનો ચૂડ તજો તો જય જય સઘળે ઠામ.
જ્ઞાતિ ખરચનો કુચાલ તજો તો જય જય સઘળે ઠામ.
લગ્ન ખરચ અટકાવ કરો તો જય જય સઘળે ઠામ.
સ્ત્રી ગીતડાં ભુંડાં બંધ કરો તો જય જય સઘળે ઠામ.
પ્રાત: સ્નાનને સંધ્યા કરો તો જય જય સઘળે ઠામ.
વેદશાળા મહીં વેદ ભણો તો જય જય સઘળે ઠામ.

---

[1] "પ્રીતિના પંથનો ગ્રંથ ગુંથેલો કોણ ભેદુ જાણનાર" ને મળતો—દેશી નાટક સમાજ.

કેળવણીમાં અગ્ર થશો તો જય જય સઘળે ઠામ.
બાળકીઓને શિક્ષણ દ્યાતો જય જય સઘળે ઠામ.
દ્વેષને નિંદા દુર કરો તો જય જય સઘળે ઠામ.
પુસ્તકાલય બાંધીને સુધરો તો જય જય સઘળે ઠામ.
હોળી સમે હોળા ફાગ તજો તો જય જય સઘળે ઠામ.
સૌથી વધારે જો શીલ સજો તો જય જય સઘળે ઠામ.

૧૨

દેશી બંધુઓ, વિચારીને જુઓ,
આબરૂ તમે ઘણીકુચાલથી ખુઓ,
ઉચ્ચ જ્ઞાતિના બ્રાહ્મણ કીધાં ધર્મ કર્મ સૌ ત્યાગ,
જ્ઞાતિ શુભેચ્છકસજ્જનને સુણિ,અંતર લાગે આગ. દેશી–
સાટાં જેવા દુષ્ટ ચાલથી નષ્ટ તેજ સૌ થાય,
બકરાં મેંઢાં પેઠે દીકરી બજારમાં વેચાય. દેશી–
કુટવા રોવાથી તન ફાટે, રૂદન પછી રીબાય,
વ્યાધ જાગે પુછો વૈદ્યને, શરીર નકામું થાય. દેશી–
વિવાહ જેવા મંગળ સમયે ગંદાં ગીતો ગાય,
દીકરી ગાયે માતપિતાની દેખી કાય કંપાય. દેશી–

ગરબો

૧૩

[લીમડાવાળા ફળિયા આગળ.

[1]શાણા દેશી બંધુ સુખીયા બનવા સંપ કરો,
તમે સંપ કરો–જી–કુસંપ તજો—શાણા,
દેષ, કલેશ ને કુસંપથી આ દરિદ્રતા દેખાય!

---

૧ કેરબો.

સમજુને તો એ દુઃખ દેખી અંતર લાગે લાય; શાણા.
આદિજ્ઞાતિ બ્રાહ્મણની એકજ, આજ જણાય અનેક,
નષ્ટ થયો બ્રાહ્મણનો ધર્મજ, ગયો ટેક વિવેક! શાણા.
પર્ણકુટિ ગંગાના તટપર, સાચવતા નિજધર્મ,
ભ્રષ્ટ થયા સૌ ધર્મથી બંધુ, કરિને કૂડાં કર્મ; શાણા.
એક બડોલીમાં બ્રાહ્મણનાં પડયાં જુઓ તડચાર,
શરમ શરમ આપણને બંધુ, કુસંપને ધિઃક્કાર; શાણા.
સ્નાન અને સંધ્યા નવ કરિયે;"બ્રાહ્મણ"નું ઉપનામ!
વિદેશ જઇ વિદ્યા નવ ભણિયે, નામ કીધું બદનામ; શાણા.
હાથ જોડીને બેસી રહેતાં ધન નવ આવે પાસ,
સંપ કરી ઉદ્યમ કરિયેતો ધનાઢય થઇ રહે દાસ; શાણા.
નિંદા કરતી જુઓ નારિયો, આળસુ નર દેખાય!!
ચતુર ભુજથી આ ભુમિનું દુઃખ જોયુ કયમ જોવાય?
શાણા દેશી બંધુ સુખિયા બનવા સંપ કરો.

૧૪

જ્ઞાતિ બંધુ વિંનતિલો માની-નહિ તો એળે જશે
જીંદગાની.
સ્નાન તે સંધ્યા આદરવાની, કરશો નહિં આનાકાની.
નહિં તો.
શુદ્ધ બડોલી જન્મ ભુમિને, શોભાવો શીલથી મઝાની,
નહું તો.
તજવા કુધારો કરવા સુધારો, કરશો નહિ પાછી પાની.
નહિં તો.

સાનોમાં સાટાં કરવાની ટેવો, રાખી નહિ રહેશે છાની.
નહિં તો.
ગુપ્ત કીધું પાપ પ્રગટજ થાશે, સમય દીસેછે તોફાની.
નહિં તો.
થાશે ફજેતી, સૌ રેજો ચેતી, દુનિયાં દીસેછે દીવાની.
નહિં તો.
શુદ્ધ ભાવે આ નમ્ર વિનંતિ, ચતુરભુજની લેશો માની.
નહિં તો.

ગરબો.

૧૫

[મોટાના ફળિયા આગળ]

શ્રીવેણી ધામ સુખકારી, શીવ મૂર્તિ મંગલકારી,
સંગમની શોભા સારી, છે બડાલીની બલિહારી,
શંકરનું ધામ છે ભારી, નિરખે હરખે નરનારી.
દુર દેશથી લોકો આવે, દરશન સોને મનભાવે,
હરખે દેખી ફળપાન, ગંગમાં સ્નાન, કરે સુખકારી,
શીવમૂર્તિ.
મોહનલાલે ઉર ધાર્યું, દેવાલય સરસ સમાર્યું,
પત્થરની મગાવી પાટ, બાંધીયો ઘાટ, નામ કીધું ભારી.
શીવમૂર્તિ.
ઇડરની સડકની વાટે, વળી પુષ્પ, પુજાને માટે,
કીધો અમથારામે બાગ, જોઇને લાગ, સમીપ જ્યાં વારી.
શીવ મૂર્તિ.

મનહરણ મોગરો બેકે, કોમળ કદળી જ્યાં લ્હેકે,
વળિ પુષ્પની વિધવિધ ભાત, સુણો સહુ ભ્રાત,રોપી છે સારી.
શીવમૂર્તિ.
શીવ ભકતો[1]એ ઉરલીધું, જંગલમાં મંગલ કીધું,
ઉત્સાહ થકી બધું આમ, સાધીએ કામ,ચતુર લહો ધારી.
શીવ મૂર્તિ.

૧૬

[2]મનહરણ શું ઉપવન મહિં મંદિર બહુ શોભે,
શોભા વધારીછે સારી-દર્શન સુખકારી.
શ્રાવ્ર હારી આસમયે ગાન પક્ષિઓનું,
જોડ વહે ત્રિવેણી વારી-દર્શન સુખકારી.
સકળ ભુવન સ્વામી દેશો વિદ્યા વધારી,
કાપશો મતી સહુ નઠારી-દર્શન સુખકારી.
ત્રીપુરારિ ભસ્મ પ્યારી નંદી તણી સ્વારી,
લેજો વિનંતિ સ્વિકારી-દર્શન સુખકારી.

---

૧ પ્રથમ તો શ્રી નારાયણેશ્વર મહાદેવ પાછળ કોટ કરાવવાને રા. રા. કાશીનાથ જીવતરામે પરિશ્રમ કર્યો—તે પછી સઘળી વ્યવસ્થ કરવામાં રા. રા. મોહનલાલ તુળજારામ. રા.રા. કોદરલાલજી. રા. રા. વેણીરામ તુળજારામ ભટ. રા. રા. તળશીભાઈ બહેચરભાઇ મુખી પટેલ. રા. રા. કુબેરજી દેવશંકર જપી તથા. રા. રા. નર્મદાશંકર નંદરામ ગોર(પાલ ફોજદાર)વગેરે ગ્રહસ્થો સામેલ હતા. લી. અમથારામ.

૨ "ચલરે ગાગર, ચલરે ગાગર, જમુનાજી જઇએ" એ પ્રમાણે.

ગરબો.

૧૭

[શ્રી નીલકંઠ મહાદેવ પાસે.

[1] હર હર બોલો શંકર સુખધામ,
ભોળાને નિહાળી મગન મનમ્હારૂં- હર હર.
ભવ્ય ગુફામાં ભોળા વાસ તમારો, દરશને આવે જોગી જતીયાં—(૨)
ચરન પખાળી ચંદન ચરચીત કરી, ભોળાને ચઢાવું મેં બીલી પતીયાં, શંભુને ચઢાવું મેં બીલી પતીયાં,
ત્રીપુરારિ ચઢાવું મેં બીલી પતીયાં.
ભોળાને નિહાળી મગન મન મ્હારૂં- હર હર.
શીરે જટાની મહિ ગંગા બિરાજે, ઉમીયાજી અંકે લહે છે વિરામ, (૨)
ગણપતી કારતીક સ્વામી બેઉ સંગે, પ્રીતે પાંચેને કરૂં હું પ્રણામ. (૩)
ભોળાને નિહાળી મગન મન મ્હારૂં- હર હર.

ગરબો.

૧૮

[મયારામ રાવળના ફળીયા આગળ.

[2]શ્રી નારયણેશ્વરા સ્વિકાર વિનતી.

---

૧ "સનનન સોહે સાવરિયાં શ્યામ" ગુજરાતી કંપની.
૨ "શું નટવર વસંત થેઈ થેઇ નાચી રહ્યો"

સ્વિકાર વિનતી—સુધારજો મતી.
(હરહર) નારાયણેશ્વરા સ્વિકાર વિનતી.
વિધ વિધ તરૂમય ઉપવને, ટેકરીપર શીવવાસ.
આલય તુજ અતિ ઓપતું, અવર દીસે કૈલાસ.
ઝાડી દીસે છે વાડી, ધુર્જટીના ધામમાં.
ભાળું જ્યાં ભાતભાતની વનસ્પતી. શ્રી.
ગુલાબ મનહર મોગરો, માલતિ ને મુસકુંદ.
વળગ્યાં તરૂએ સ્નેહથી, વિવિધ વેલીનાં વૃંદ.
સજ્યું વને વસંત શુભચીર, શીવ પુજવાનેરે!
વહે ધીમે સરિતાનું નીર, શંભુ જોવાનેરે!!
ભિન્ન ભિન્ન પુષ્પરંગી બાગઓપતી શ્રી.
ધ્વજાપતાકા ફરફરે, ગુણીજન જ્યાં ગીત ગાય,
દરશન કરી શુભધામમાં, ભકતજનો હરખાય.
નારી જ્યાં મંગળ ગીત ગાઈ, ગરબો રમે,
શોભાશી સ્વર્ગ પુરી જેવી દીસતી શ્રી.

૧૯

ચાલો ચાલો સર્વે આજ. શીવ પુજીએ.
શીવરાત્રિનો શુભ દિન આજેરે.
જઇએ ના રાયણેશ્વર માહારાજ. સરવે આજ.
પાતકજાયે, ધર્મ સજાયે,
સરે સકલ દુનિયાનાં કાજ. સરવે આજ.
ભકિત થકી જો કરિયે શિવાર્ચન,

એ છે ભવસાગરમાં ઝાઝ. સરવે આજ.
અમથારામ કહે છે બોલો,
જય જય એક અવાજ. સરવે આજ.

ગરબો,

૨૦

[ચોરામાં.

આહા! આર્ય ભૂમિની અધમ દશા આવી રહીરે;
[1]સકળ શિરોમણી દેશ કરે દુઃખથી કલ્પાંત,
બંધુ બાળકીઓને ભાવથી સરવ ભણાવજોરે;
વિદ્યા સર્વ શાસ્ત્રમાં સકળ સુખ બીજ છે કહીરે,
આપે કલ્પવૃક્ષ સમ યુગ યુગ સઘળાં સુખ. બંધુ.
ચંદ્રથકી રજની દીપે, દીપકથી ઘરદ્વાર,
નરનારી વિદ્યાવડે, સકળ શાસ્ત્રનો સાર;
સુશીલા આ સંસારે જન મનનો શણગારછેરે,
સન્નારીથી સજનો સુખકર છે સંસાર. બંધુ.
રત્નજડિત શૃંગારને, ઉર એકાવળ હાર,
અંબર જરીથી ઓપતું, ઝાંઝરનો ઝમકાર;
રતિ સમરૂપ છતાં જો અભણ અને અજ્ઞાનછેરે,
ધિઃક ધિઃક તે અબળાનો આ જગમાં અવતાર. બંધુ.
કેળવણી વીણ ભાળિયે, આળસ ઉપર પ્રેમ!
બાળલગ્ન બંધન અને, કલેશ, દ્વેષ, ને વ્હેમ;
નિંદા કરતી ભમતી ભાળો સઘળી નારિયોરે!!
દેખી સજજનનું કયમ દીલ નહિ દુભાય? બંધુ.

---

[1] " પૂનમચાંદની પૂરી ખીલી અહીંરે " મોરબી કંપની.

અન્ય દેશમાં દેખીયે, બાળકી શીખે તમામ,
સુઘરી તનુજ સુધારતી, બજાવતી ગૃહ કામ;
લેછે પુણ્યશાળીએ સુખ સઘળાં સંસારનાંરે,
કરિયે સહન આપણે સંકટ અપરંપાર. બંધુ.

આ ઉદ્યમહીન દેશ છે, દારિદ્રનું મુકામ,
બઉાલી સુખી બનાવવા, કરજો એકજ કામ;
કન્યાશાળા બંધુ કષ્ટ વેઠીને સ્થાપજોરે,
કરશે કૃપાનિધી શ્રી શંકર તમને સ્હાય. બંધુ.

ધનાશ્રી.

૨૧

સેવો સ્નેહે ગિરિજા કંથ, પરમ મોક્ષનો પંથ. સેવો-ટેક.
શંકર વિણ નહિ શ્રેય કદી પણ,
વાંચો શ્રુતિ સ્મૃતિ ગ્રંથ. સેવો. ૧
નયન કમલ અર્પી વિષ્ણુએ,
સેવ્યા ધરિ ખરિ ખંત. સેવો. ૨
રૂદ્રાધ્યાય ભણ્યા બ્રહ્માજી,
વેદ વિષે મતિમંત. સેવો. ૩
ઇંદ્રાદિક દેવો પણ જેનો,
મહિમા ગાય અનંત. સેવો. ૪
માર્કંડેય મરણને જીત્યા,
શિવ કરૂણાથી સંત. સેવો. ૫
શિવ રૂપે જે સદ્રુપ કેવલ,
તે ભવ રૂપ ભગવંત. સેવો. ૬

ઉત્પત્તિ સ્થિતિ લયના સ્વામી,
પામી નગીન નિશ્ચિન્ત. સેવો. ૭

ગરબો.

૨૨

[દરજીના ચકલા પાસે.]

સ્તુતિ કરિયે અમે તારી, મદદ કરજે તું ત્રિપુરારિ,
અમારા દોષ વિસારી, વિનંતિ લે તું સ્વીકારી,
શોભિત સંગમ સ્થાન છે, ફુલ તરૂ ફળપાન,
સમિર સુગંધ વાય જ્યાં, વેદ સ્વરોનું ગાન,
સ્વરગ જેવી લીલા સારી [૨] મદદ...
પવિત્ર શંકર વાસ આ, અવર દીસે કૈલાસ,
દરશન માટે આવી છે, બે ભગિની બે પાસ.
અહીં ભટે હરખ ભારી [૨] મદદ...
દરશન માટે દુર થકી, વાંકા ડુંગર થાય,
"હુમાઇ" ટોંક ઉંચો થઇ, શ્રી શંકર ગુણ ગાય,
થયા સ્થીર ઝાંખિ થઇ તારી [૨] મદદ......
અધમ સ્થિતિ આમ દેશની, શંકર તું કર સ્હાય,
ચતુરભૂજ નમિ તુજને વંદે તુજ શુભ પાય.
સદા તુજ સેવ સુખકારી [૨] મદદ......

૧" દશા આશી થઇ મ્હારી, કરમની છે ગતી ન્યારી" કનકતારા, ગુજરાતિ કંપની.

૨૩

સવઈયા એકત્રીસા.

જય ત્રિપુરારિ જય મદનારિ, નારાયણ ઈશ્વર દેવેશ,
નમન સ્વિકારી વિનતી અમારી હૃદય વિષે ધર હે વિશ્વેશ, ૧
આધિ વ્યાધિ અને ઊપાધિ, રોગ દોગ મરકીના માર,
ઇડર દેશથી કરિ દૂર રેજો, શંકર એ વર આપો સાર, ૨
વરસો મેઘ સદા મન માન્યા, સકલ રૂતુ થાઓ અનુકુલ,
અમૃતસમ સઊ પાક સુધરજો, ધાન્ય સલ ફુલને વળિ ફૂલ, ૩
બ્રાહ્મ ધર્મ બ્રાહ્મણમાં વાધો, ક્ષત્રિયમાં શુભનીતને શૂર,
વૈશ્યોને વ્યાપાર મળો શુભ, શૂદ્ર સ્વધર્મ ચાલો પૂર, ૪
એમ સકલ આ પ્રજા ઈડરની, સુખમાં કરજો લીલા લ્હેર,
રણબંકા રાઠોડ વંશોપર, મહેશ કરજો માટી મ્હેર, ૫
ગોબ્રાહ્મણ પ્રતિપાલક નરવર, શ્રીકેસરિસિંહ તપો સદાય.
અધિકારી સન્માર્ગે ચાલો, જેમ પ્રજાહિત નૃપહિત થાય. ૬
ક્રૂર અધર્મી કંટક ટળજો, પક્ષ પાતિનો થાવ નિપાત,
પ્રજા અને રાજા થઇ સુખીયા, વિશ્વ વિષે વાધો વિખ્યાત, ૭
આપ જેમ નિજ નંદીને શક્તિ વાહનને રાખો સાથ,
તેમ વાઘને બકરી સંપે સ્વદેશહિત કરિ લેજો હાથ, ૮
આપ જેમ નિજ સર્પ અને ગણપતિનો મૂષક રાખો સાથ,
તેમ પ્રબલને નિર્બળ મળિને, સંપો સકળ આર્યજન નાથ, ૯
ભારતકેરી આકૃતહણિને ગણી સઊ આર્યોને નિજબાલ,
સંભાવો જંપાવો સુખમાં, શંકર આતો છે કાલિકાલ, ૧૦

કલિ મલહુરિને નિર્મળ કરીને, સબલ સંપ થાપીને ઈશ.
આર્ય ઉદય પાર્વતીપતિ કરજો સત્વર સંઘવિ નામે શીશ, ૧૧

ગરબો.

૨૪

| બંગલા આગળ.

શિવરાત્રી પર્વ સુખકારી, સઉ આસો નરને નારી;
એમ પૂજી ત્રિપુરારિ, લઈએ નિજ જન્મ સુધારી; ટેક.
શુભ આર્ય ભોમમાં આવ્યા, વળી જાતે વિપ્ર કહાવ્યા,
ઉપવીત તણો અધિકાર, વેદ વ્યહવાર, પ્રતિષ્ઠા ભારી.
શિવરાત્રિ પર્વ સુખકારી. ૧
સઉ વર્ણ તણા ગુરૂ થઈએ, પણ કર્મ ધર્મ હિણ રહિએ,
તો શાસ્ત્ર કરે ધિક્કાર, ઘટે નિજકાર, વિવેક વિસારી.
શિવરાત્રિ પર્વ સુખકારી. ૨
જો કન્યાવિક્રય કરિયે, તો પ્રજા શુદ્રસમ કરિયે;
પછિ સુધારવા સંસાર, નહિરે દ્વાર, જુઓજી વિચારી.
શિવરાત્રિ પર્વ સુખકારી. ૩
નવ બનિયે વિદ્યાભ્યાસી, નિજ ઘરને માની કાશી,
પછી બીજાને ઉપદેશ, શું કરિયે લેશ, વિપ્રપદ ધારી?
શિવરાત્રિ પર્વ સુખકારી. ૪
હવે રહો કુશળ ષટ્ કર્મ, વળિ સ્વદેશહિત કર ધર્મ,
તો સુધરે સઘળો દેશ, ટળે સઉ કલેશ, સંપ વિસ્તારી.
શિવરાત્રિ પર્વ સુખકારી. ૫
હવે આપ સુધરિયે ભાઇ, ઝટ ઉઠો હવે સઉ ધાઇ,

નવ વાર લગાડો યાર, બનો તૈયાર! દેશ દુઃખહારી!
શિવરાત્રિ પર્વ સુખકારી. ૬
ભણિ શાસ્ત્ર શસ્ત્રનો સારો, દૃઢ ધૈર્ય હૃદયમાં ધારો,
પછિ દેશ સિતારો પેજ, બનાવો એજ, નગીન ઉદ્ધારી.
શિવરાત્રિ પર્વ સુખકારી. ૭

૨૫

[1]શીવરાત્રિ તણો દિન આજેરે, ચાલો શીવ પૂજન કરવા.
વાજીંત્ર મજાનાં વાજેરે, ચાલો શીવ પૂજન કરવા.
આજે ઉત્સવ છે ભારીરે, ચાલો શીવ પૂજન કરવા.
મંડળીની શોભા સારીરે, ચાલો શીવ પૂજન કરવા.
પોશાક મજાના પ્હેરીરે, ચાલો શીવ પૂજન કરવા.
શોભા શી બડાલી કેરીરે, ચાલો શીવ પૂજન કરવા.
સહુ એક હારમાં ચાલોરે, ચાલો શીવ પૂજન કરવા.
સંભાળી, સીધો ધરી ભાલોરે, ચાલો શીવ પૂજન કરવા.
જેથી હાર મજાની શોભેરે, ચાલો શીવ પૂજન કરવા.
ઇનામ લીધાને લોભેરે; ચાલો શીવ પૂજન કરવા.
મન ભક્તિ માહિ રાખીનેરે, ચાલો શીવ પૂજન કરવા.
'શીવ'શીવ' મુખથી ભાખીનેરે, ચાલો શીવ પૂજન કરવા,
વળી સમાજ મળિયો સારોરે, ચાલો શીવ પૂજન કરવા.
એક પસાર કરિયો ધારોરે, ચાલો શીવ પૂજન કરવા.
"હવે કુચાલ સરવ ઉથાપોરે, ચાલો શીવ પૂજન કરવા.
"એ દુશ્મનનું મૂળ કાપોરે, ચાલો શીવ પૂજન કરવા.

૧"મારૂ સોનાનું છે બેડું ર, છેલ છબીલા છોગાળા" પ્રમાણે.—

"બહુ ખર્ચ લગ્નમાં કરિયેરે, ચાલો શીવ પૂજન કરવા.
"સમજૂથી, મુરખમાં ઠરિયેરે, ચાલો શીવ પૂજન કરવા.
"સુખ, નાત કરી શું લેવુંરે? ચાલો શીવ પૂજન કરવા.
"એ નાત તણું શું દેવુંરે? ચાલો શીવ પૂજન કરવા.
"વધે કરજ કર્યાથી વ્યાજરે, ચાલો શીવ પૂજન કરવા.
"લે લેણદાર પછી લાજરે, ચાલો શીવ પૂજન કરવા,
"હવે શીખો સભા ભરવાનુંરે, ચાલો શીવ પૂજન કરવા.
"સૂધારો ઝટ કરવાનુંરે," ચાલો શીવ પૂજન કરવા.
મોટાતે વૃદ્ધજ થાશેરે, ચાલો શીવ પૂજન કરવા.
નાના મોટા થઈ જાશેરે, ચાલો શીવ પૂજન કરવા.
શીખીએતો સરવે થાશેરે, ચાલો શીવ પૂજન કરવા.
મતી માગો શંકર પાસેરે, ચાલો પૂજન કરવા.

ગરબો.

૨૬

[નદી ઉપર]

[1]રૂડું ત્રિવેણી સંગમ સ્થાન નિરખ્યું નેહ ધરી,
બાંધ્યું જ્યાં સરસ મકાન નિરખી આંખ ઠરી;
એ નદીઓના સંગમ ઊપર ટેકરીપર શીવ ધામરે,
વિશ્વત્યાગી યોગી એકાંતે આવી લહે આરામ; નિરખ્યું.
ઘાડી દીસે અહીં વૃક્ષની ઝાડી વાડી મહીં ફળપાનરે,
પુષ્પ સુગંધી ભાત ભાતનાં, મધુર પક્ષીનું ગાન; નિરખ્યું.
વેકરી ને ધઊંઆત ગંગ શીવચરણ કરેછે સ્પર્ષરે,

---

૧ "અલબેલીરે અંબેમાત" એ રાગ.

પ્રસન્ન થઇ હૃદયે દેખાયે વર્ષા મહીંસહર્ષ* નિરખ્યું.
રક્ષાકગ સમિપે દેખાયે[2] અનંગ ભસ્મ જણાયરે !!
સરિતા ગત શું રત પ્રલાપન? ! આર્દ્રહૃદય સુણી થાય—
નિરખ્યું.
પશ્ચિમમાં નગ સ્વશુરગ્રહ સમો[3] શીવ ચાલ્યા તે ઠામરે,
[4]કલહ કુટુમ્બતણો એકાંતે મુકામ કર્યું મુ ામ? નિરખ્યું.
ભવિષ્યનું આ મહાત્મ ભાસ્યું !! કર્યો તે થકી વાસરે?!!
ઝાડીથી શણગારી કીધો અવરશું આ કૈલાસ? નિરખ્યું.
ભક્તવૃંદની દીઠી ભાવના, કીધી પ્રેરણા આજરે,
સુવેરવાસી કાશીનાથને સોંપ્યું નિજ શભ કાજ; નિરખ્યું.
કીધી પ્રેરણા બીજા ભક્તને, સમારજો મુજ ધામરે,

---

* અર્થ-ચોમાસામાં શીવચરણ આગળ વિશેષ અભિષેક કરતી નદીઓની ભક્તિથી શીવ પ્રસન્ન થઇ તેમના હૃદયમાં દેખાવ દે છે. અર્થાત્ ચોમાસામાં પાણી જરા શાંત હોય તે વખતે મંદિરનું થહિં પ્રતિબીંબ પડે છે.

૨—જોડે સ્મશાન છે.

૩ શીવનું સાસરૂં હિમાલયમાં તેથી જાણે "હમાઇટૉંક" હિમાલય સમોધાર્યો.

૪ શીવ સાસરે જતાં જાણ્યું કે એકલા જઇએ તો ઠીક કારણ કે સાપ જે ગળે વિંટાળતા તેને ને કાર્તિકસ્વામીનું વાહન મોર, તેને ન બનતું, પોઠીઆને ને વાઘને ન બનતું, એથી આ કુટુંમ્બ કલેશ સાસરે નહીં શોભે એમ ધરી એ બધાંને મૂકવા અહીં મૂકામ કર્યું પણ આ જગા ગમી જવાથી પછી અત્રેજ રહ્યા છે.

મોહન તુળજારામે બાંધી, અમર કર્યું નિજનામ; નિરખ્યું.
કુચાલ રાક્ષસને સંહરવા, સભાતણો અવતારરે,
રોવું, સાટાં, લગ્ન પ્રસંગે, ભાંડતણા શા ભાર? નિરખ્યું.
રત્નરૂપે રત્નેશ્વર[5] છાજે, પ્રહ્લાદજી[6] પ્રમુખરે,
[7]બળદેવજીના બળથકી રેશે, સંકટનહિ સનમુખ; નિરખ્યું.
તિમિરમય ભુમી માંહી તપજો, સંઘવી[8] સૂર્ય સદાયરે,
આશીર્વચનરૂપી અર્ઘ્યેજે પ્રેમથી પૂર્ણ પુજાય; નિરખ્યું.
[9]અમથારામે શ્રમ લઇ કીધો મંડળી તણો દમામરે,
કરે. સહુ એ શીવભક્તોને, ચતુરભૂજ પ્રણામ; નિરખ્યું.

હોરી.

૨૭

[શ્રી મહાદેવજીની પાલખી આગળ વદ્ધ ભક્તોને ગાવાની

ભજો આજ શંકર રાયા, સુભાવે.
ભજો આજ શંકર રાયા.-ટેક.
ઋતુ વસંત પણ બેશી ચૂકયો છે, વન વન કિંશુક છાયા,
ત્રિવેણી તટપર ઓચ્છવ આજે, સફળ કરો નિજ કાયા,
સદા કરો શિવ ગુણ ગાયા. ભજો આજ. ૧
શિવરાત્રિનું પર્વ સુખદ અતિ, દેવીજન હરખાયા,

---

૫ રા. રા. રત્નેશ્વર ભાઇશંકર ભટ.
૬ રા. રા. પ્રહ્લાદજી ધીરજરામ. યાજ્ઞિક.
૭ રા. રા. બળદેવજી મયારામ. યાજ્ઞિક.
૮ સાક્ષર શ્રીયુત્ નગાનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી.
૯ અમથારામ લીલાધર વ્યાસ

ગામ બરોલી નિવાસી વિપ્રો, આનંદ નિધીમાં ન્હાયા.
શિવોચ્છવ કરવા ધાયા. ભજો આજ ૨
સંસ્કારી જન સર્વ જુઓ અહીં, ભક્તિ ભીના ભરાયા,
નરનારી ત્રિપુરારિ નિરખવા, અંત ઉત્કંઠ જણાયા,
મહેશ્વરની શીમાયા? ભજો આજ ૩
વેદ તણો અતિ પંથ વિશદ અહીં, શ્રી શંકર ઉર ધ્યાયા,
તેજ નરો આ કુટિલ કળીમાં સંસાર સાર કમાયા,
ન જાય તે કોથી ભ્રમાયા, ભજો આજ. ૪
દેવ વિષે મહાદેવ દયાનિધિ, પરમ ઉદાર ગણાયા,
તે પ્રભુથી જે વિમુખ રહે તે, ખલ ભવ જલમાં તણાયા,
નગીન કહે જય શિવરાયા, ભજો આજ. ૫

૨૮

[મહાદેવમાં]

[1]નમું તુજ પાય, હે પિતુમાય!
કરજે તું સ્હાય, શંકરરાય,
ચરણ સેવાય, પાતક જાય,
જન સુખી થાય, સ્વરગે જવાય,
પૂરણ સુખ તું પૂજયે પમાય,
ધૈર્ય ધરી તુજ ધામે ધવાય
અવિનાશી આણશો અંગમાં અ
શુભકામમાં શીવજી કર સ્હાય,
સ્હાય—સ્હાય—સ્હાય--નમું—

---

૧ "જનતુંતે આમ-ખાલી દમ ગ-રાખે ન કામ-પ્રાણી નમામ-" એ રાગ-ની ધુનની દેશી સમાજ.

૨૯

[છેલરનું]

હિંદ વિજય! વિજય! સદા કાળ હજો!
આર્ય બાળો અજ્ઞાન વ્હેમ ઉર્ત તજો!
ભગ્ની સુધરેલ થજો!—કલમ આયુધ સજો! (૨)
સંપ સાથ સ્નેહ સરસહિં ઝીલાવજો!
પાછું ભ્રાત! દ્રવ્ય નષ્ટ થયું લાવજો!
સ્વધર્મ સાચવજો! ભોળા શંભુજી ભજો! (૨)
હીંદ વિજય! વિજય! સદા કાળ હજો!

૩૦

[બેઠક માટે]

ભવનેશ્વર મને ભક્તિ રે આપો, ગોધમજી કરો સહાયેજીરે.
ત્રીવેણીના તીરથ ઉપર નાયણેશ્વર ભોલાનાથરે. શંકર છો ભોળારે.
શીવરાત્રિએ શીવ મેલો તમારો, શોભા રહે બની સારીજીરે,
ઈડરથી પલટણને વાજાં આવે વળી અસવારીરે. શંકર છો ભોળારે.
ભાતભાતનાં પુષ્પ મંગાવી પુજા કીધિ પ્રભુ સારીજીરે.
સંધ્યા ગાયત્રિ ધર્મ સંભાળે ભૂદેવ જ્યાં ભાગ્ય શાળીરે. શંકર છો ભોળારે
અંગ્રેજી ગુજરાતી વિદ્યાની સાથે, ધર્મ પથે સહુ જાયેજીરે,
વેદપઠન હરીભાઇ કરાવે શીવજી આપ કૃપાયેરે. શંકર છો ભોળારે.
ઔદિચ્ય બ્રાહ્મણ સભા ભરીને, વિચાર કરતા સારાજીરે.
કન્યા વિક્રયને સાટાં રોવાનું, તજીએ સરવ કુધારારે. શંકર છો ભોળારે.

"મ્હારે બલમેં નાદાનસેં ગુમાન કરે" ને મળતો,
"સાંભળ રે તું સુજની મારી" એ રાહ.

ગંગાને જમનાનાં નીર મંગાવું, કનકઝારી ભરાવુંજીરે,
પ્રેમ આણીને ભોળા પકવાન પડાવું,ભોળાને ભોજન કરાવુંરે.શંકર હો ભોળારે.
મરણ સમય જે માનુની રડતી, કુટે શરમ તજી છાતીજીરે,
પારવતી કહેશંકરને "હું આ જોઇ મનમાં મુંઝાતીરે. શંકર છો ભોળારે.
આપ કૃપા થઇ આ ભુમી ઉપર, કાઢોજી સકળ કુચાલજીરે."
શંકર કે'છે"ધૈર્ય ધરો થશે, સમય વીત્યેથી સુધારારે" શંકર છો ભોળારે.
ચરણ પખાળી, પુષ્પ ચઢાવી, શીશ નમાવી નાચુંજીરે,
અમથારામ હુંભક્ત તમારો, ભક્તિથકી શીવ રાચ્યુ રે. શંકર છો ભોળારે.

૩૧

[બેઠક માટે.]

આહા કેવી (૨) દશા ભૂમી તારી !!
હર! હર! શંકર! શું વિસારી?
સુવર્ણ ભુમિકા! આર્યો તમારી! (૨)
નષ્ટ! નષ્ટ! હાય દુઃખભા—કાવી તમે ?.
નષ્ટ! નષ્ટ! હાય દુઃખભારી! હર! હર!...આહા.
ધર્મ કર્મ સર્વ તજ્યાં, બંધું થયા ધર્મ થકી,
ભૃષ્ટ! ભૃષ્ટ! લાગે ઘાતકા—ભાઇ! ભાઇ!
ભૃષ્ટ! ભૃષ્ટ! લાગે ઘાતકારી હર! હર!...આહા.
જય! જય! નાદ ગયા! વસ્ત્ર અન્ન વિણ થયા! (૨)
કષ્ટ! કષ્ટ! કેરી ક્રિયા—સાંભળીયે!
કષ્ટ! કષ્ટ! કેરી ક્રિયારી! હર! હર!...આહા.

"જીરકેજાની જુદા હો જાવે" પ્રમાણે.

૩૨

[નવ રાત્રિ સમયે]

સઉધ્યાન ધરી, જ્ઞાતિ બંધુઓ સુણજો અરજ અમારી,
દીલમાં ન ડરી, બજાવજો જે જાણો ફરજ તમારી;
સઉ વિદેશમાંહિ વિચરીયે, મુંબઈ કલકતે જૈ ઠરીયે,
પણ વિચાર કરવો નવ કરિયે, સઉ ધ્યાન.
ત્યાં મનુષ્યનુંમૃત્યુ થાયે, નહિ ભેગાં થઇ કુટવા જાયે,
નહિ નારી કરે "હાયે"!! "હાયે!!" સઉ ધ્યાન.
પણ સગાં સબંધી સઉ આવે, બહુ શાસ્ત્ર વાંચીને સમજાવે,
નહિ કાંણમોંકાણ કશી લાવે! સઉ ધ્યાન.
હતું રાજ મુસલમાની જ્યારે, કુટતી બીબીઓ છાતી ત્યારે,
જીવે, કુચાલ છે, એ આવારે, સઉ ધ્યાન.
સ્ત્રીઓતો અજ્ઞાનીજ ઠરે, પણ "ઓ" 'ઓ" પુરૂષો શાદ કરે?
હશે શોધી કહાડ્યું આ કયાનરે? સઉ ધ્યાન.
નથી વેદ વીષે કશી વાત કરી, નથી લખ્યું સ્મૃતીમાં કાંઇ જરી,
વળી પુરાણ કહે 'નથી વાત ખરી,' સઉ ધ્યાન.
તરગાળા રમતાં જેમ ફરે, નહિ લાજ શરમથી કાંઇ ડરે,
બ્રાહ્મણુ બૈરાંશી ભવાઇ કરે!! સઉ ધ્યાન.
ભીડ જોનારાની ત્યાં થાતી, પણ નારી નથી કંઇ શરમાતી,
બેશરમી બની બોલે છાતી!! સઉ ધ્યાન.
અબળા છે લાજ તણો ભારો, સહુ નીતિ શાસ્ત્રને સંભારો,

"દુંદાળાદેવ વિઘ્ન હરણ લંબોદર નામ તમારૂં" અથવા "હરીભ-
જનથકી છોટા હોયતે સૌથી મોટા થાય"

આ કુચાલ કયમ લાગે પ્યારો?! સઉ ધ્યાન.
નર ગેરાં આધિન થઇ બેઠા, બવંડળ સમ ખૂણે જઇ પેઠા!
સુધરેલ વારો! આવા હેઠા!!! સઉ ધ્યાન.
હાંફણનો રોગ મહીં ફાવે, કુટનારીને બહુ મૂઝાવે,
વૈદક પણ એ રીત સમજાવે, સઉ ધ્યાન.
તન અવયવાનું દુર્બળ થાયે, નિર્બળતા સંતતિને જાયે,
જુઓ દુઃખી કયું બાળક માયે! સઉં ધ્યાન.
ભલે હઠ કરી, આખો ભવ રોજો, આંખો નિજ રોવાથી ખોજો.
(પણ) દમવાળી સ્ત્રીઓને પૂછી જોજો સઉ ધ્યાન.
કહે જંગલીને અજ્ઞાની સહુ, તનમાં ઉપજે વળિ રોગ બહુ.
સમજુ આગળ દુઃખ કથા કહું, સઉ ધ્યાન.
સુધારો કરતાં ના ડરજો, નિંદા તમ કાને નવ ધરજો,
કુટવા રોવાનું દુર કરજો; સઉ ધ્યાન.

સભાદેવી.

૩૩

[નવરાત્રિ પ્રસંગે]

દેવી તુજ કૃપાથી મળે સુખો ઘણાં રે લોલ,
નિત્ય નિત્ય તને દેઇએ વધામણાં રે લોલ;
ધન્ય! ધન્ય! તું શોભાવે! દેવી! ધામને રે લોલ,
કીધું પાવન તેં બડોલી ગામને રે લોલ;
રૂડો ઇડર પ્રદેશ રળિયામણો રે લોલ,
ઠામ ઠામ સરિતાવડે દીપે ઘણો રે લોલ;

'જે કોઇ અંબિકાજી માતાને આરાધશે રે લોલ'—પ્રમાણે

ઉગે ભિન્ન ભિન્ન ભાતની વનસ્પતી રે લોલ,
વસી, આવી એવામાં તું શુરી સતી રે લોલ;
તાર સારા સહસ્ત્ર હાથ શોભતા રે લોલ,
કરે કંકણમાં રત્ન હીરા ઓપતા રે લોલ;
તારી અંબર પ્રભા છે રળિયામણી રે લોલ,
માંહે શોભે જરી તણી ઝીણી કણી રે લોલ;
દેવી, ભવ્ય હાથે ખડગ લીધું હાથમાં રે લોલ,
અસીધારા, ત્રિશુળ, દીસે સાથમાં રે લોલ;
'રૂઢિ' અસૂરને હવે સંહારવા રે લોલ,
દ્વેષ ક્લેશ થકી ભક્તજનો તારવા રે લોલ;
તારો સેંકડો સેવકનો સેવા કરે રે લોલ,
દુઃખ દારિદ્ર જે થકી દૂરે હરે રે લોલ;
કીધા પ્રલ્હાદજી પ્રમૂખ પ્રીતથી રે લોલ,
વળી રત્નેશ્વર દીપે રૂડી રીતથી રે લોલ;
બળદેવજી રૂપી રત્ન દીસતા રે લોલ,
હરજીવન શીવદત્ત શોભતારે લોલ;
પૂજે કૂબેર[1] પૂષ્પ લઇ હાથમાં રે લોલ,
તણીરામ સુત કૂબેર સાથમાં રે લોલ;
[2] મયારામને શીરે તું હાથ થાપજે રે લોલ,
[3] વળી મોહનલાલનું કષ્ટ કાપજે રે લોલ;

---

૧ રા. રા. કુબેરજી દેવશંકર જપી.
૨ રા. રા. મયારામ તુળજારામ રાવળ.
૩ રા. રા. મોહનલાલ તુળજારામ રાવળ.

[૪] વેણીરામ તણું વાક્ય તું વિચારજે રે લોલ,
[૫] દામોદર કેરી સ્તુતી દીલ ધારજે રે લોલ;
[૬] કોદરલાલ; કેશ[૭]વરામ જોડે ભુજને રે લોલ,
નરભેરા[૮]મ નમે દેવી નિત્ય તુજને રે લોલ;
અમથારામના કડાવ ઉર ઉતારજે રે લોલ,
પુષ્પ માળ ચતુરભુજની સ્વીકારજે રે લોલ.

ધનાશ્રી.

૩૪

[વિદ્યાર્થિઓના ઇનામના મેળાવડા સમયે.]

વિદ્યાધન ભંડાર જગમાં, વિદ્યાધન ભંડાર, દે સુખ અપરંપાર. જગમાં.
ખપથી નખૂટે ચોરન લુટે, જેને છે ભયન લગાર. જગમાં.
માત પિતાની સેવ કરાવે, સુખી કરે સંસાર. જગમાં.
ઇશ્વર ભજવા પંથ સુઝાડે, શુદ્ધ કરાવી વિચાર. જગમાં.
પરમારથમાં પ્રીત કરાવે, જેથી ઉતરાયે પાર. જગમાં.
આ જગમાંહિ સરસ ગુણોની. વિદ્યા મોટી વખાર. જગમાં.
વિદ્યા વિણુ સરવે જન કેરો, જાય અફળ અવતાર. જગમાં.
એહા શું આર્ય! ચતુર! ભુજ જોડી!! અર્થ ભણ્યે સરનાર. જગમાં.

---

૪ રા. રા. વેણીરામ તુળજારામ ભટ.
૫ રા. રા. દામોદર જેશંકર ભટ.
૬ રા. રા. કોદરલાલ લાલજી. વ્યાસ.
૭ રા. રા. કેશવરામ ભવાનીશંકર જોષી.
૮ રા. રા. નરભેરામ ઉદેરામ. ભટ.

શ્રી બ્રહ્મોતર ખંડમાંથી શ્રી મહા શીવરાત્રિની કથા.

આ કથા સુત પુરાણિક રૂષિ શૌનકાદિક રૂષિઓ પ્રત્યે કહે છેઃ—

જે સમયમાં વિવિધ પુષ્પની પરાગ, મનુષ્યોની નાસિકાને મગ્ન કરે છે, કોયલનો સુસ્વર, કર્ણેંદ્રીને આલ્હાદ આપે છે, પુષ્પ પરાગમિશ્રિતપવન શરીરને સ્પર્શસુખથી આનંદ આપે છે, પુણ્યસરિતાનું પવિત્રને નિર્મળ સલિલ, સ્નાનસુખમાં વૃદ્ધિ કરે છે, અને વનનો સુંદર દેખાવ આંખને મગ્ન કરે છે, એવી મનહર વસંત રૂતુની શરૂઆતમાં આવતું શ્રીમહાશીવરાત્રિપર્વ સર્વ પર્વો કરતાં પવિત્ર છે. એ પર્વને દિવસે અપવાસ કરવો એ એક દુર્લભ ચીજ છે—તેથી વીશેષ શ્રી શંકરનું દર્શન દુર્લભ છે-તેથી વધારે શીવાર્ચન દુર્લભ છે, તેમાં જો બીલ્વપત્રથી પૂજન થાય તો તે દુર્લભ છે, બહુ શ્રેય કરે છે, પુણ્યપથ સુચન કરનાર પતાકા છે, અનેક જન્મનાં પાપ ધોનાર વ્રત છે; અંતઃકરણની શુદ્ધિ કરનાર છે, મહાજંજાળ રૂપી વધી ગયેલા રોગનું શમન કરનાર, સાક્ષાત્ ધન્વંતરીએ આપેલું અનુપમ ઔષધ છે; એ વીષે એક કથા કહું છું તે સાંભળોઃ—

પૂર્વે સૂર્યવંશમાં, એક મહાપરાક્રમી સ્વધર્મ સમજનાર પ્રજાનું પાલન કરનાર, મહા તેજસ્વી **મિત્રસહ** નામે રાજા થઇ ગયો. એણે અસંખ્ય પુસ્તકોના અધ્યયન રૂપી વલોણામાંથી શ્રી શંકરસ્તવન નામે માંખણ કહાડયું હતું! ધર્મ પરાયણ મહાત્મા–સાધુઓનો અહર્નિશ સમાગમ રાખતો હતો; એક દીવસ ગૌતમ રૂષીના આશ્રમમાં આવી શ્રી ગોકર્ણેશ્વર મહાદેવના મહાત્મ વીશે રૂષીજીને આ રાજાએ પ્રશ્ન કર્યો. ગૌતમરૂષીએ કહ્યું—હે રાજા! ગોકર્ણેશ્વર મહાદેવનું પૂજન કરવાનું ફળ ઘણું છે. એથી અનેક જન્મનાં પાતક દૂર થા-

ય છે. બ્રહ્મહત્યાદિક પાપોથી—શ્રદ્ધા પૂર્વક ભક્તિથી પૂજન કરે તો, પ્રાણીઓ મુક્ત થાય છે. એક દીવસે આ આશ્રમની પાસે નિર્મળ—ગાળેલી ચાંદીજેવા જળ વાળું, સુંગંધી કમળપુષ્પોથી આચ્છાદિત થયેલું, આખા આકાશને અંતઃકરણમાં રાખવા વાળું, જેની આજુ બાજુ અનેક ચંદનવૃક્ષો આવી રહેલાં છે, એવું સરોવર છે તેમાં પ્રાતઃકાળમાં હું સ્નાન કરવા ગયો હતો, ત્યાં પત્થરના પગથિયા ઉપર–શરીરપર થોડાં વસ્ત્રો વાળું–કાષ્ટવત્ થયેલા શરીર વાળી એક ચાંડાલણીનું શબ પડેલું જોઇ મેં વિચાર કર્યો કે પ્રાતઃકાળમાં આ અનિષ્ટ દર્શન થયું! પરંતુ તત્ક્ષણ શંકરના દૂત રત્નજડિત વૈમાન સાહત એને લઇ જવા આવેલા જોઇ મારા આશ્ચર્યનો પાર રહ્યો નહીં!! મને વિચાર થયો કે ખરેખર, આમાં કંઇક ભેદ હોવો જોઇએ. આ બાઇ, કોઇ પુણ્યશાળી—દૈવી મનુષ્ય હોવું જોઇએ—અને કોઇ શ્રાપનું ફળ ભોગવી સ્વધામ પ્હોંચતી હોય એમ જણાય છે. આવું ધારી મેં શંકરના દૂતને આ વીષે પ્રશ્ન કર્યો. તેઓ મારા આશ્ચર્યનો મર્મ સમજી ગયા; અને તેમાંના એક શીવના ગણે મને ઉત્તર આપ્યો કેઃ—

હેમહર્ષિ! આ ચંડાલણીનું વૃતાન્ત સાંભળવાની આપની આટલી બધી જીજ્ઞાશા છે તો સાંભળોઃ—

પૂર્વે એક **સુમિત્રા** નામની બ્રાહ્મણ કન્યા હતી. એ બાઇનું એના પિતાએ વિધી પૂર્વક લગ્ન કર્યું પછી બાઇ પોતાને સાસરે આવી. સાસરે આવ્યા પછી સુમિત્રાએ થોડાં વર્ષ શાંતિમાં ગળ્યાં પછી તેના પતિને એક મહાન વ્યાધિ થયો. સુમિત્રા જેટલી સ્વરૂપવાન હતી, તેટલીજ કદરૂપી થવા લાગી—કારણકે દિન પતિદિન વૃદ્ધિ પામતો પતિનો રોગ જોઇ, એનું શરીર સોસાઇ જવા લાગ્યું.

અનેક ઔષધોપચાર કરવામાં પોતાનું ખાવું પીવું ભૂલી ગઇ! શરીર છેક કૃશ બની ગયું. કાષ્ટ વત્ થઇ ગયું. "પતિના પહેલાં મ્હારૂં મરણ થઇ જાયતો સારૂં" એવા વિચારે જાણી જોઇને પણ ખાવા પિવામાં અનિયમિતપણું કરવા લાગી, પણ એથી કંઈ એનો દેહ છૂટી શકયો નહિ. આત્મઘાત કરવાથી દેહનો છૂટકો થાત, પરંતુ સુમિત્રાના પિતાએ એ બાબત એને બચપણમાંથીખૂબ સમજાવી હતી. એકતો પ્રાણથી પણ અધિક પ્રિય શીયળવ્રત પાળવું; (શિયળવ્રત આગળ સર્વવ્રત કશી વિશાતમાં નથી. લક્ષ ચાંદ્રાયણ વ્રત કરવાથી જે પૂણ્ય થાય તેથી પણ અધીક શીયળવ્રતથી થાય છે. ગંગા નદી પવિત્ર છે. તેમાં સ્નાન કરવાથી માણસોનાં પાતક દૂર થાય છે. પરંતુ ગંગાજીએ પણ કહ્યું છે કે કોઇ પતિવ્રતા—શીયળવતી સ્ત્રી મ્હારામાં જો સ્નાન કરેતો હું પણ અધિક પવિત્ર થઇશ!! આટલો શીયળવ્રતનો પ્રભાવ છે બીજું એ કે અસહ્ય સંકટ આવે પરતું આત્મઘાત ન કરવો. આત્મઘાતથી બીજા જન્મમાં પ્રાણિને સંકટ ખમવું પડે છે. જેમ એક જન્મ બગડયો તેમ સ્વહત્યા કરવાથી અન્ય જન્મ પણ બગડે છે.

આ ઉપદેશ સુમિત્રાને બરોબર યાદ હતો છેવટ પતિના પ્રાણ બચવા માટે તે રાત્રિએ જાગરણ કરી તપ કરવા લાગી. પરંતુ પ્રારબ્ધાનુસારે બંધાયલા આયુષ્યનો નિર્માણ થયેલા વખતે અંત આવ્યો!

હવે જે દુઃખ આવ્યું તે સુમિત્રાને સહન કરવા માટે હિમ્મતવાન થવું પડયું. દિવસ ગયા. માસ ગયા. છેવટ વર્ષ થયાં. શીયળવ્રત સારી રીતે સચવાય માટે સુમિત્રા પિતાને ઘેર ગઇ. ત્યાં આવા પવિત્ર બાઇનો એક જાતનો પ્રકાશ પડવાથી સૌ તેને સંતોષ આપ

એના મનનું સમાધાન કરતાં. પ્રારબ્ધાનુસારે એક સમયે સુમિત્રા એકાંતે બેઠી હતી. પતિ જીવતાતે સમયના દિવસનું સ્મરણ થયું ! વિહ્વળ થઇ. ઘરમાં આમથી તેમ ફરવા લાગી. વિચારનો વેગ વધવા લાગ્યો. જેમ જેમ ગત્ દિવસોનું સ્મરણ થયું તેમ તેમ કુસુમાયુધનાં પ્રચંડ શરનો ઉગ્રતાપ સહન કરતાં આર્યાવના છેક બેબાકળી થઇ ગઇ ! નેત્રમાંઅશ્રુબુંદ મોતી પેઠે આવ્યાં. ત્યાંથી મોતીનીસેર નાચેના પ્રદેશપર ચાલી ! 'શું કરવું' 'કોને સલાહ પૂછવી' વિગેરે પ્રશ્નો મનમાં ઉઠયા. એવામાં એક મહા સૌંદર્યવાન, સાક્ષાત્ કામદેવ સમો એક પુરૂષ આવ્યો; એ પુરૂષમાં ફકત રૂપજ હતું. પરંતુ પતિવ્રતમાં સમજતો નહોતો. તેના હાવ ભાવ જોઇ આગુકુમાર યૌવનાને કંઇક ધૈર્ય આવ્યું હોય, કંઇક ખુલાશો ઉત્પન્ન થઇ હોય એમ જણાયું. એની મુખમુદ્રાપર આનંદ આચ્છાદિત થયેલો જોઇ પેલા કુટિલ પુરૂષે પોતાનાં પગલાં આગળ વધારી પ્રસન્ન વદનથી એની આગળ કંઇક બોલવાની ઇચ્છા બતાવી. સુમિત્રા સહર્ષ ઉભી થઇ. એ પુરૂષના મુખમાંથી શું નીકળે* છે તે સાંભળવા આતુર બની. બન્ને એક એકના મુખમાંથી શું નીકળે છે તે સાંભળવા ટમટમી રહ્યાં. મર્મ સમજી ગયાં, પરંતુ એકેયે અક્ષર એક બોલાયો નહિ. એટલામાં સુમિત્રાનું પુણ્ય એના આગળ આવ્યું. પિતાનો ઉપદેશ મગજમાં આવ્યો. સ્થીતિનું ભાન થયું. સાવધ બની. ઘરબ્હાર ચાલી ઉભી રહી. મનમાંઅતિશય ખેદ થવા લાગ્યો. એટલામાં એનો પિતા બ્હારથી આઘેથી આવતો જોઇ પેલો પુરૂષ એકદમ નાઠો ! તે પિતાએ જોયું ! સુમિત્રા શરમથી ઉંચું જોઇ શકી નહિ. પિતા ઘેર આવ્યો. પુત્રીના સદ્ગુણની ખાત્રી હોવાથી કંઇ બોલ્યો નહિ. પરંતુ ભવિષ્યમાં સાવચેતી રાખવાનો દ્રઢ નિશ્ચય કર્યો. પુત્રીને એકાંતમાં જરી પણ ન

રાખવી એવો નિશ્ચય કર્યો.

આ દિવસ પછી સુમિત્રાનું શરીર છેક બગડયું. ચિંતાથી ક્ષય રોગ લાગુ પડયો. અંતે એનો દેહ પડયો.

ધર્મરાજા પાસે એનો ન્યાય નિકળ્યો. સુમિત્રાએ બીજું કંઇ પાપ કર્યું નહતું એમ જોતાં માલુમ પડયું. તેમ છતાં ધર્મ રાજાએ કહ્યું કેઃ

"નીતિવાન પુરૂષ અને સ્ત્રીઓને કેટલું બધું સુખ આપીએ છીએ, અને કિંચિત્ માત્ર પણ કુકર્મ થાય તેની શીક્ષા કેટલી બધી છે, છતાં આટલું બધું દુષ્ટાચરણ પૃથ્વીમાં કેમ થાય છે? મને એમ લાગે છે કે સ્વાર્થમાં વિટળાયલા મનુષ્યો લોકોને ઉપદેશ કરતા નથી કે સદ્‌વર્તનનું ફળ શું છે આ બાઇ સમજુ છતાં પણ ભૂલી માટે એને ચાંડાલયોનીમાં નાંખો"!

સુમિત્રા ચાંડાલણી થઈ અવતરી. અનેક જન્મનાં મહત્ પૂણ્ય હતાં તે જરા અવિવેકથી દહન થઈ ગયાં! આંખે આંધળી અવતરી. રક્તપિત્તનો જન્મથી રોગ હતો. કાને બ્હેરી હતી. ઘરમાં દરિદ્રાવસ્થા હતી. ભીખ માગી પેટ ભરવાનું હતું. કારણ કે એ અવતરી ત્યારથીજ એનાં માત પિતા પાસે રહેલું યત્ કિંચિત્ દ્રવ્ય નષ્ટ થયું હતું. આ કારણથી એનાં માતપિતા તથા બીજા લોક એને ભાગ્યહીન કહેતાં. એનું શરીર રક્તપિત્તથી દુર્ગંધ મારતું હતું, તેથી એના માબાપોએ પણ થોડા ઉમર સુધી રાખી એનો ત્યાગ કર્યો! તથા ગામમાં મગવા જાય ત્યાં પણ કોઇ એને ઉભું રહેવા દેતું નહિ. છેવટે કંટાળી તે બાઇ ગોકર્ણેશ્વર મહાદેવ જવાનો રસ્તો હતો ત્યાં આ તળાવ પાસે એક ઝુંપડીમાં રહી. કોઇ અન્ન આપે, તો ખાય નહિ તો ભૂખથી કડાકા કરી દિવસ કહાડે.

એમ કરતાં એક દિવસ શીવરાત્રિનો દિવસ હતો. તે દહાડે, ઘણા યાત્રાળુઓ દેશ દેશથી આવ્યા હતા. હાથીઘોડાસહિત આવતા રાજાઓથી, વેદના મંત્રોચ્ચાર સહિત આવતા બ્રાહ્મણોથી, અનેક જાતના પદાર્થો વેચવા માટે આવનાર વ્યાપારિયોથી, શંકરના દરેક વર્ણના ભક્તના "હરહર મહાદેવ"ના ઘોષથી, ગાડીઓ વહન કરતા બળદની ડોકમાંના ઘંટના નાદથી—અશ્વના ખોંખારાથી, ઉંટોના ગળામાંની ઘુઘરમાળથી, ભાવિક સ્ત્રીભક્તોનાં મંગળ ગીતોથી, ઓ સ્થળ બધું ગાજી રહ્યું! તે બચીર સુમિત્રાએ સાંભળી વિચાર કર્યો કે "આજ કંઇ ઘણા દિવસની ક્ષુધા ભાગશે એમ લાગે છે—કારણ કે અત્રે ઘણું માણસ ભેગું થયું હોય એમ જણાય છે" એવું વિચારી એ સર્વ લોકોને પૂછવા લાગી—ત્યારે કોઇએ કહ્યું કે આજ શ્રી ગોકર્ણેશ્વર મહાદેવનો મેળો છે. ત્યારે એ રસ્તાપર ભીખ માગવા બેઠી. પરંતુ આખો દિવસ બેઠી, છતાં કશું ખાવાનું એને મળ્યું નહિ. સાંજ સુધી બેશી રહી. છેવટ રાત્રિએ ચાર બ્રાહ્મણો શ્રી શંકરની પૂજા કરવા જતા હતા તેમણે જોઇ વિચાર કર્યો કે આ કોઇ ભિખારી અહિં ક્ષુધાપિડિત પડી રહ્યું છે માટે એને આપણ શું આપીશું? ત્રણ જણ એક મત થયા કે આપણી પાસે કશું નથી માટે એને કંઈ આપ્યા વગર ચાલો-શંકરની પૂજાનો સમય થઇ જશે. ચોથાને બહુ દયા આવી પણ પાસે કંઇ નહિ ને એમને એમ જવું પણ ઠીક ન લાગવાથી એક બીલ્વપત્ર એના હાથમાં નાંખ્યું! પછી ચારે બ્રાહ્મણના ગયા પછી પેલી સુમિત્રા જે હાલ ચાંડાલણી છે તેના હાથમાં કંઇક આવ્યું છે એમ એને જણાયું. હાથમાં મસળી જોયું તો માલમ પડ્યું કે એતો બીલ્વપત્ર હતું તે સમયે

એને આખા દિવસનો અપવાસ હતો. છેક શીવપૂજાનો સમય થયો હતો. તેથી બીલ્વ પત્રથી કંઇ ક્ષુધા દૂર ન થાય એવું ધારી ફેંકી દીધું ! આ ગોકર્ણેશ્વર મહાદેવના આસપાસ સહસ્ત્ર બીજાં નાનાં શીવલીંગ હતાં તેમાંના એક ઉપર તે પડયું. !

નિરાશ થયેલી તે પછી ઉઠી–પોતાની ઝુંપડીમાં જઈ પડી રહેવા પાછો નિશ્ચય કર્યો–આંધળી તેથી રસ્તો જડયો નહિ–પાસે મહાદેવનું દેવળ હતું તેની ભીંતને હાથ અડકાડયો–આખું કુંડાળું ફરી એના મનમાં કે કોટ હશે–પ્રદક્ષિણા થઇ પણ રસ્તો ન જડયો. છેવટ કોઈ યાત્રાળુએ એને કહ્યું કે આમ જા, ત્યારે આ તળાવની પાળ ઉપર આવી–ત્યાં મૃત્યુ પામી !

હે રૂષીજી ! આ ચાંડાલણીનું વૃતાન્ત આ રીતે છે-જુઓ એને આખો દિવસ ભીખ ન મળવાથી અપવાસ થયો. બીલ્વપત્ર શંકરના બાણપર પડયું ! અને તે સમય બરોબર શંકરની મહાપૂજાનો હતો તેથી તે શંકરે વિધી યુક્ત પોતાનું પૂજન સ્વીકારી લીધું. વળી રસ્તો ન જડવાથી ફરવું પડયું તેને શંકરે પોતાની પ્રદક્ષિણા માની લીધી ! આથી એને મહત્ પૂણ્ય થયું. એના અવિનયથી થયેલું પાતક ધોવાઇ ગયું ! એથી અમે એને લેવા આવ્યા છઇએ–હવે ગૌતમ રૂષી **મિત્રસહ** રાજાને કહે છે કે હે રાજા મહાશીવરાત્રિનો ઉપવાસ જાણે અજાણે કરવાથી પણ આમ પાપ ધોવાય છે તો યથા વિધી ઉપવાસ કરવાથી શું ન થાય ? વળી તે દીવસે શંકરનું પૂજન થાય તો અનેક જન્મનાં પાતકનો સમુહ એકદમ દહન થઇ જાય છે. માટે ભકતોએ આ મહાપર્વને દિવસે બહુ ઉત્સાહ પૂર્વક શંકરની ભક્તિ કરવી. આનંદમાં દિવસ ગાળવો. તથા યથા શક્તિ પરમાર્થ કરવું કહેલું છે.

આ પ્રમાણે સુત પુરાણિક રૂષીએ શૌનકાદિક રૂષિઓ પ્રત્યેની કથા સમાપ્ત કરી.

આ પ્રમાણે શીવરાત્રિને સમયે સ્નાનાદિક ક્રિયા પછી શીવ પૂજનનું માહાત્મ છે. આપણા દેશમાં શ્રી નારાયણેશ્વર મહાદેવની સમીપ ત્રીવેણી સંગમમાં સ્નાન કરી યથાવિધી પૂજન કરવાની બધી સવડ છે. ત્યાં તે દિવસે ઉત્સવમાં વૃદ્ધિ કરી આપણે શીવ પૂજાનું માહાત્મ વધારવું જોઇએ.

अथ महादेवजीनी आरती.

जयगंगाधरहरजय, जयगिरिजाधिशा, (२)
त्वांमांपालयनित्यं (२) कृपयाजगदिशा ॥ हरहरहरमहादेव ॥१॥
कैलाशेगिरिशिखरे ॥ कल्पद्रुमविपिने ॥ शिव०
गुंजातिमधुकरपुंजे (२) कुंजवनेगहने ॥ हरहर० ॥२॥
कोकिलकुंजातिखेलती ॥ हंसावनललिता ॥ शिव०
रचयतिकळाकलापे (२) नृत्यतिमुदसहिता ॥ हरहर० ॥३॥
तस्मिनसुललितदेशे ॥ शालामणिरचिता ॥ शिव०
तनमध्येहरनिकटे (२) गौरीमुदसहीता ॥ हरहर० ॥४॥
क्रीडतिरचयतिभूषण ॥ रंजातिनिजमीशं ॥ शिव०
इंद्रादिकसूरसेवित (२) मामयतेशिशं ॥ हरहर० ॥५॥
बुद्धविबुद्धनृत्यति ॥ हृदयेमुदसहिता ॥ शिव०
किंनरीगानंकुरुते (२) सप्तस्वरसहिता ॥ हरहर० ॥६॥
धीनंकथयतिधीनं ॥ मृदंगवादयते ॥ शिव०
क्वणुंक्वणुंललिताविणुं (२) मधुरंनादयते ॥ हरहर० ॥७॥
रणुरणुंचरणेरचयति ॥ नुपुरमुज्वळिता ॥ शिव०

चक्रावर्तिभ्रमयति (२) कुरूतेतांधिकृतां ॥ हरहर० ॥८॥
तांतांलुपचुपतांतां ॥ ताळंवादयते ॥ शिव०
अगुष्टांगुळिनादं (२) लास्यक्तांकुरुते ॥ हरहर० ॥९॥
कर्पुरद्युतिगौरं ॥ पंचाननसहितं ॥ शिव०
त्रिनयनशशिधरमौले (२) विषधरकयुतं ॥ हरहर० ॥१०॥
सुंदिरजटाकलापं ॥ पावकयुतभाळं ॥ शिव०
डमरुकशुळपिनाकां (२) करधृतनृकपाळं हरहर० ॥११॥
रुंडरचितउरमाळं ॥ त्वंगिरिजारुपं ॥ शिव०
सकळशरिरेमनसिज (२) कृतभस्माभरणं ॥ हरहर० ॥१२॥
अतिवृषभध्वजरुपे ॥ तापःत्रयहरणं ॥ शिव०
शंखनिनादंकृत्वा ॥२॥ झल्लरीनादयते ॥ हरहर० ॥१३॥
अतिमृदुचरणसरोजं ॥ रूदीकमळेधृत्वा ॥ शिव०
अवलोकयतिसहेशं ॥२॥ इशंअभिनत्वा ॥ हरहर० ॥१४॥
ध्यानंआरतिसमये ॥ रुदयेअभिनत्वा ॥ शिव०
रामात्रीझटीनाथं (२) इशंअभिनत्वा ॥ हरहर० ॥१५॥
संगतिविणाप्रतिदिन ॥ पठनंयःकुरूते ॥ शिव०
शिवसायुज्यंगच्छति (२) भक्त्यायःश्रणुते ॥ हरहर० ॥१६॥
जयगंगाधरहरजय ॥ जयगिरिजाधिशा ॥ शिव०
त्वांमांपालयनित्यं (२) कृपयाजगदिशा ॥ हरहरमहादेव ॥१७॥

संपूर्णम्.

અગાઉથી આશ્રય આપનાર ગ્રહસ્થોનાં નામ.

નકલ.	નામ.	ગામ.	નકલ.	નામ.	ગામ.
૪૨	રા. રા. મણીયાર મયારામ મલુકચંદ.		૧૧	રા. રા. વેણીરામ તુલજારામ ભટ.	બડોલી
	શ્રી પાલણપુરવાળા,	બડોલી.	૧૧	,, ,, દામોદર જેશંકર ભટ	,,
૪૦	,, ,, મણીયાર જમનાદાસ આદિતરામ,		૧૧	,, ,, નરભેરામ ઉદેરામ ભટ.	,,
	શ્રી વડનગરવાળા,	બીસોડા.	૧૧	,, ,, શીવદત્ત દેવીદત્ત ભટ.	,,
૩૭	,, ,, ગુસાંઇશ્રીશંકરગરજી મોહનગરજી	ઇડર.	૧૧	,, ,, શુક્લાવટંક દેવીશંકરાત્મજ હરીશંકર	⁀
૨૫	,, ,, ભટ રતનેશ્વર ભાઇશંકર,	બડોલી.		શ્રી બડોલી વેદશાળાના અધ્યાપક."	જૂ
૨૦	,, ,, હરગોવન શંભુરામ ઠાકર.	ટીંટોઇ.	૧૧	,, ,, બડોલીરામમંદિરના મહંતજી મહારાજ	‿
૧૫	,, ,, મયારામ તુલજારામ રાવલ	બડોલી.		હીરાદાસજી ગુરૂજાનકીદાસજી.	
૧૫	,, ,, મોહનલાલ તુલજારામ રાવલ	,,	૧૧	,, ,, શીવલાલ નરભેરામ ભટ,	,,
૧૫	,, ,, મોતીરામ તુલજારામ. રાવલ.	,,	૧૧	,, ,, પટેલ. તળશી બહેચર મુખી.	,,
૧૫	,, ,, જદુરામ નરભેરામ ભટ.	બડોલી.	૧૧	,, ,, ,, ઝવેરચંદ પુંજા. .	,,
૧૨	,, ,, હરગોવન ભાઇશંકર ઠાકર.	સુવેર	૧૧	,, ,, જેઠીરામ પુરસોતમ ઠાકર.	બ્રહ્મપુરી
૧૧	,, ,, પ્રલ્હાદજી ધીરજરામ યાજ્ઞિક.	બડોલી.	૧૧	,, ,, કાશીનાથ જીવતરામ ઠાકર.	સુવેર.
૧૧	,, ,, મહાશંકર મયારામ રાવળ.	,,	૧૧	,, ,, ધનેશ્વર ઉગેશ્વર જોશી	ઇડર.

નકલ.	નામ.	ગામ
૧૧	રા.રા. કીરપારામજોઇતારામજોશી.	ગલોડાઇડર.
૧૦	,, ,, દેવદત્ત માણકેશ્વર ભટ.	બડોલી
૧૦	,, ,, હરીશંકર વેણીરામ વ્યાસ.	,,
૧૦	,, ,, દલસુખરામ વૈજનાથ જપી	,,
૧૦	,, ,, અનોપરામ માણકેશ્વર ભટ	,,
૧૦	,, ,, શંકરલાલ દેવશંકર ભટ	,,
૧૦	,, ,, હરગોવન કેશવરામ રાવલ	,,
૧૦	નામદાર ઠાકોર સાહેબ શ્રીપૃથાસીંહજી.	પાલ
૧૦	,, ,, હરગોવંન વસતારાંમ ત્રિવેદી.	
૧૦	રા. રા. વિઠ્ઠલ લક્ષ્મીરામ જોશી.	ઇડર.
૧૦	,, ,, ઉગરેશ્વર પરમાનંદ ભટ.	ચિત્રોડા.
૧૦	,, નર્મદાશંકર ઉમેદરામ પોશીના	કામદાર
૧૦	,, ,, લલુ સુખદેવ વકિલ	ઇડર.
૧૦	,, ,, પટેલ. મોથા જેઠા. મુખી.	લાલપુર.
૧૦	,, ,, કાશીરામ રાજારામ જોશી.	
૮	,, ,, કુબેરજી વેણીરામ ભટ	બડોલી
૮	રા.રા. રેવાશંકર દલસુખરામ રાવળ.	બડોલી.
૮	,, ,, મહાશંકર અનોપરામ યાજ્ઞિક	,,
૮	,, ,, પ્રાણનાથ મોતિરામં ભટ.	,,
૮	,, ,, નથુરામ ઉમેદરામ યાજ્ઞિક	,,
૮	,, ,, પીતાંબર કિરપારામ ભટ	,,
૮	,, ,, વલભરામદેવશંકરભટ.	મેઘરજતલાટી
૮	,, ,, પ્રભાશંકર ખુશાલ બડોલી પોષ્ટમાસ્તર.	
૮	શ્રી બડોલી શ્રાવક વાણિયાના પંચ તરફથી	
૮	,, ,, ધનેશ્વર નિત્યારામ ત્રિવેદી	,,
૮	ઠાકોરશ્રીકાળુસિંહજી નવલસિંહજી	દધાલિયા
૫	રા. રા. નર્મદાશંકર નંદરામ ફોજદાર.	પાલ.
૫	,, ,, કોદરલાલ લાલજી વ્યાસ.	બડોલી
૫	,, કુબેરભાઇ દેવશંકર જપી	,,
૫	,, ,, નંદરામ નિત્યારામ વ્યાસ	,,
૫	,, ,, કોદર દેવશંકર જપીં	,,
૫	,, ,, કાશીરામ પ્રભાશંકર ભટ.	,,

નકલ.	નામ.	ગામ	નકલ.	નામ.	ગામ.
૫	રા.રા. પ્રાણનાથ દેવશંકર જપી	બડોલી	૫	રા.રા. ગુલાબચંદ કુબેર નાયક	બડોલી.
૫	,, ,, ચતુરભૂજ નિત્યારામ વ્યાસ	,,	૫	,, ,, મુલશંકર લલુ યાજ્ઞિક	,,
૫	,, ,, દેવશંકર મયારામ રાવળ.	,,	૫	,, ,, નરોત્તમ આદિતરામ ભટ	,,
૫	,, ,, કાશીરામ પ્રાણનાથ યાજ્ઞિક	,,	૫	,, ,, લલુ શંભુરામ ભટ	,,
૫	,, ,, હરજીવન ધરણીધર યાજ્ઞિક	,,	૫	,, ,, પ્રાણનાથ અંબારામ ભટ	,,
૫	,, ,, જદુરામ ધનેશ્વર રાવળ	,,	૫	,, ,, દુર્લભરામ હરિદત્ત ભટ	,,
૫	,, ,, કેશવરામ ભવાનીશંકર જપી	,,	૫	,, ,, મુલજી ખુશાલ મ્હેતા	,,
૫	,, ,, કાશીરામ સાંકળેશ્વર જપી	,,	૫	,, ,, રાજારામ આદિતરામ ભટ	,,
૫	,, ,, કુબેરજી દુર્લભરામ ભટ	,,	૫	,, ,, ધિરજરામ પ્રાણનાથ ભટ	,,
૫	,, ,, ખેમરામ ભવાનીશંકર ભટ	,,	૫	,, ,, કાશીરામ શંકર શુકલ	,,
૫	,, ,, બેચર ગંગારામ પંડ્યા	,,	૫	,, ,, હરગોવન દેવશંકર ભટ	,,
૫	,, ,, મોતી ખેમર બારોટ	,,	૫	,, ,, જેઠાલાલ શાલગરામ વ્યાસ	,,
૫	,, ,, જુગલ લક્ષ્મીચંદ બાવસાર	,,	૫	,, ,, લુહાર પૂંજા ઉગરા	,,
૫	,, ,, કિશોર પિતાંબર તલાટી	,,	૫	,, ,, ઇશ્વરલાલ પ્રાણનાથ પંડ્યા	ચિત્રોડા.
૫	,, ,, કેશવલાલ શીવલાલ યાજ્ઞિક	,,	૫	,, ,, શીવશંકર હરિદત્ત યાજ્ઞિક	,,
૫	,, ,, દામોદર ભવાનીશંકર ભટ	,,	૫	,, ,, પરભુજી દેવદત્ત. મ્હેતા.	,,

નકલ.	નામ.	ગામ.
૫	,, ,, દલસુખરામ મુળજી મ્હેતા.	ચીત્રોડા
૫	,, ,, હરગોવન ભાઇશંકર પંડ્યા	,,
૫	,, ,, પ્રલ્હાદ વેણીરામ વ્યાસ	,,
૫	,, ,, મોતીરામ શોભારામ	બ્રહ્મપુરી
૫	,, ,, મોહન કેશવરામ વ્યાસ	,,
૫	,, ,, હરગોવિંદ જડુરામ વ્યાસ	,,
૫	,, ,, ભાઇશંકર લીલાંધર યાજ્ઞિક	,,
૫	,, ,, આદિતરામ લીલાધર યાજ્ઞિક	,,
૫	,, ,, કાશીરામ હરજીવન વ્યાસ	,,
૫	,, ,, આણંદરામ ચતુરભુજ ઠાકર	,,
૫	,, ,, હરજીવન રેવાશંકર દ્વીવેદી	બુડિયા.
૫	,, ,, હરીશંકર દયારામ દ્વીવેદી	,,
૫	,, ,, શંકર ખુશાલ દ્વીવેદી	,,
૫	,, ,, ચતુરભુજ અંબારામ દ્વીવેદી	,,
૫	રા.રા. પટેલ. બ્હેચર રેવા મુખી	,,
૫	ઠાકોર શ્રીદલપત સિંહજી.	ગાંઠીઓલ
૫	રા. રા. પટેલ હીરા ખુશાલ.	રેવાસ.
૧	,, ,, વ્હાલજી કેવળદાસ. જમીદાર.	રેવાસ.
૫	,, ,, પટેલ વજા હીરા. મતાદાર	લાલપુર.
૫	,, ,, પટેલ ડુંગરા ખુશાલ.	,,
૫	,, ,, જેઠારામ વૈજનાથ ભટ	દીટોઈ
૫	,, ,, કાશીરામરવીશંકરવ્યાસ ફોજદાર	મુડેટી
૫	,, ,, નરોત્તમ વૈજનાથ યાજ્ઞિક	,,
૫	,, ,, ગીરજાશંકર મથારામ	,,
૫	,, ,, મણીલાલ બુલાખીદાસ ફર્સ્ટઆસિસ્ટંટ માસ્તર ઇ. સ્કુલ,	બોરસદ.
૫	,, ,, કેશવરામ લાલજી જોશી વેરાબર	તા. ઇડર
૫	,, ,, લીલાધર હરજીવન દ્વીવેદી વસાઇ	તા વસાઇ
૫	,, ,, છોટાલાલ મગનલાલ વ્યાકસીનેટર.	ઇડર અમદનગર
૫	રા.રા દામોદર નાથુરામજી વ્યાસજી.	વાંસ ટોલ.
૫	,, ,, કેશવરામ ગજરામ ત્રિવેદી	કુકડિયા.

નકલ.	નામ.	ગામ.
૫	રા. રા. કુબેર દોલતરામ ત્રિવેદી	કુકડીઆ
૫	,, ,, નરોત્તમ ધીરજરામ ત્રિવેદી	,,
૫	,, ,, લાલજી જીવતરામ વ્યાસ	,,
૫	,, ,, પ્રલ્હાદ નંદરામ ત્રિવેદી	,,
૫	,, ,, ઇશ્વરલાલ તુળજારામ યાજ્ઞિક.	
૫	,, ,, ઉમીયાશંકર કીરપારામ યાજ્ઞિક	ઝીંઝવા
૫	,, ,, મહીધર કામેશ્વર વ્યાસ.	ખેડ.
૫	,, ,, હરિસિંહજી મુળજી વિલેજપોસ્ટમેન.	
૫	,, ,, શેઠ ત્રિભોવન દયાળ.	મુંબાઈ
૫	,, ,, જેઠાલાલ જેકીસનદાસ પરિખ.	ઓરસદ.
૫	,, ,, પુરોહિત તેજરામજી	ઇડર.
૫	,, ,, જોશી શીવચંદજી લક્ષ્મીચંદજી	,,
૫	,, ,, અમૃતલાલ લક્ષ્મીરામ પંડ્યા માતાવાળા.	,,
૫	,, ,, શેઠ લીલાચંદ અમરચંદ	,,
૫	,, ,, નરોતમ ધીરજરામ ત્રિવેદી.	કુકડીઆ
૫	,, ,, સુતાર લખા નરભેરામ.	બડોલી.
૫	,, ,, જપી શોભારામ શીવરામ	બડોલી.
૫	,, ,, રણછોડ મોતીરામ. જોશી	તપખીરવાળા

નકલ.	નામ.	ગામ.
૫	રા. રા. ગીરધર ગોવિંદરામ ભટ.	ડોયડા.
૫	,, ,, વલભરામ કુબેર રાવળ	,,
૫	,, ,, કિરપારામ શીવદત રાવળ.	,,
	ઉમીયાશંકર ઇશ્વર (ઇડર) તરફથી.	
૫	,, ,, ગુસાઇજીવણગરજીભવાનગરજી	લાલપુર.
૫	,, ,, લલુ જેશંકર પંડ્યા ઇડર સીરસ્તેદાર	
૫	,, ,, મહેતા. ભગવાનલાલ મોતીરામ કામદાર.	લાલોડા.
૫	,, અંબાલાલ નીલકંઠ પંડ્યા સીરસ્તેદાર	ઇડર.
૫	,, ,, સુતાર અંબારામ હીરા.	
૫	,, ,, ગુલાબરામ બહેચર કારકુન	સબલપુર.
૫	,, ,, રાજારામ કસ્તુર ઠાકર મેશ્વરજ કારકુન.	
૪	,, ,, સુતાર છગન રામચંદ.	ઇડર.
૪	,, ,, સુતાર ગોકળ ભગવાન.	,,
૪	,, ,, જેઠાલાલ કમળજી જોશી	શામળાજી.
૪	,, ,, દોલતરામ પુરશુરામ ભટ	બડોલી.

નકલ.	નામ.	ગામ.
૪	રા.રા. મોતીલાલ નગીનદાસ દલાલ	અમદાવાદ
૪	,, માણેકલાલ ઉજમલાલ વકીલ	અમદાવાદ
૪	,, ,, સુતાર પરશોતમ વજેરામ.	બડોલી
૩	,, ,, ભાઈચંદ તારાચંદ શાહ.	વઢવાણ કાંપ
૩	,, ,, જગન્નાથ નરભેરામ જોશી. હેડમાસ્તર ૪ં સ્કુલ.	કરમસદ.
૩	,, ,, મણીલાલ હરગોવનદાસ. શાહ.	નાતાલ આફ્રિકા
૩	,, ,, મહિધર જેઠીરામ યાજ્ઞિક.	કલકત્તા
૩	,, ,, ભાઈચંદ પદમશી શાહ.	મદ્રાસ
૩	,, ,, ભાઈશંકર જેઠીરામ યાજ્ઞિક.	બડોલી
૩	,, ,, ગીરધર પીતાંબર પંચોળી.	,,
૩	,, ,, હરગોવન લીલાધર પંચોળી.	,,
૩	,, ,, પ્રહ્લાદ ધેમર ભટ.	,,
૩	,, ,, દયારામ ગોવિંદરામ	મઉવાળા.
૩	રા.રા. વલભરામ શંભુરામ ભટ.	બડોલી
૩	,, ,, ગણપત ઉમેદરામ ભટ.	,,

નકલ.		ગામ.
૩	રા.રા. ઉમીયાશંકર ઉગરેશ્વર ભટ.	બડોલી.
૩	,, ,, અંબારામ માણકેશ્વર પંચોળી.	
૩	,, ,, ગવરીશંકર જેઠીરામ રાવળ.	,,
૩	,, ,, અંબાશંકર નર્બદાશંકર ભટ	,,
૩	,, ,, ભાઈશંકર રાજારામ ભટ	,,
૩	,, ,, રાવલ હરગોવન પીતાંબર.	,,
૩	,, ,, ભાઈશંકર મુલજી જપી.	,,
૩	,, ,, શીવરામ રતનેશ્વર ભટ.	,,
૩	,, ,, ત્રીભોવન રામદત ભટ.	,,
૩	,, ,, જીવતરામ દલભરામ ભટ.	,,
૩	,, ,, જગન્નાથ ભવાનીશંકર મહેતા.	,,
૩	,, ,, મોહન જેઠીરામ રાવલ.	,,
૩	,, ,, ભુધર ભવાનીશંકર ભટ.	,,
૩	,, ,, કુબેરજી જદુરામ યાજ્ઞિક.	,,
૩	,, ,, જદુરામ રેવાશંકર ભટ,	,,
૩	,, ,, તુલજારામ શંકર ભટ.	,,

નકલ.	નામ.	ગામ.
૩	રા.રા. લલુ પુંજારામ યાજ્ઞિક.	બડોલી.
૩	,, ,, ઇશ્વર કેશવરામ યાજ્ઞિક	ચિત્રોડા.
૩	,, ,, નંદરામ મયારામ શુકલ.	,,
૩	,, ,, સુતાર મુલજી અંબારામ.	,,
૩	,, ,, દલપત વેણીરામ યાજ્ઞિક વેકસીનેટર.	બ્રહ્મપુરી.
૩	,, ,, અમથારામ રાજારામ ઠાકર.	,,
૩	,, ,, જેઠારામ કામેશ્વર ઠાકર.	,,
૩	,, ,, ઠકર વાલજી ખીમજી	મુંબઇ.
૩	,, ,, વનરાવન મોતીરામ ત્રિવેદી	કુકડિયા
૩	,, ,, પુરશોત્તમ અમથારામ ત્રિવેદી	કુકડીયા
૫	,, ,, નરોતમ ધીરજરામ ત્રીવેદી.	,,
૩	,, ,, સોની દલુચંદ પાનાચંદ .	વડાલી
૩	,, ,, ગુલાબચંદ લખમીચંદ	,,
૩	,, ,, લલુ દલસુખ દ્વીવેદી.	,,
૩	,, ,, સોની સાંકળચંદ ઝુમખરામ	મુવેર
૩	,, ,, રાવલ મુલજી શીવદત્ત	ટોયડા.

નકલ.	નામ.	ગામ.
૩	રા. રા. વ્યાસ જગજીવન છગન	ઇડર
૩	,, ,, લલુભાઇ ગીરધર ત્રિવેદી.	વાંસડોલ.
૩	,, ,, કુબેર રામજી	ઇડર
૩	,, ,, મૂળાઉમા. આંબાની સડકની દેખરેખ રાખનાર ઉમીયા શંકર ઇશ્વર તરફથી	
૩	,, ,, ચુનીલાલ પુંજીરામ મણીયાર	ઇડર
૩	,, ,, ધીરજલાલ પ્રેમાનંદ કામદાર	,,
૩	,, ,, ગાંધી ચકુ ગીરધર	ઇડર
૩	,, છોટાલાલ બળદેવ ઓપીયમ કોનટ્રાક્ટર	રાયગઢ.
૩	,, ,, વર્ધમન દાસ સ્વરૂપચંદ શાહ જૈનશાળાના અધ્યાપક	ઇડર.
૩	,, ,, પુંજીરામ જીવતરામ વેદીઆ	બડોલી
૩	,, ,, ચુહાણ સાંકળચંદ ધીરજી	,,
૩	,, ,, ગાંધી લલુ મનસુખ ચાણ	,,
૩	,, ,, દલસુખરામ ભગત મેઘરાજ	ર

તકાલય—શ્રી બડોલી ખાતે એક પુસ્તકાલય (લાઇબ્રેરી)
કેટલાક ગૃહસ્થોનો વિચાર થયો છે; એ કાર્ય માટે રા.રા
માણુકેશ્વર ભટે રૂ ૧૦૦) સોનાં પુસ્તકો આપવા ઇચ્છા
, તથા રા. રા. ભટ પીતાંબર કિરપારામે મકાન માટે એક સારી
પવા વૃત્તિ કરી છે. આ કાર્યમાં રૂપિઆ હજુ વીશેષ જોઇએ. પુ-
ય સમાન પરમાર્થ નથી. આશા છે કે ઉપરના ગ્રહસ્થોનો ઉત્સાહ
બીજા દાખલો લેશે. આ સંબંધી પત્રવ્યવહાર નીચેને સરનામે કરવો.

સેક્રેટરી બડોલી હિતેચ્છુ સભા. બડોલી, મહીકાંઠા.

કન્યાશાળા—બડોલીમાં એક કન્યાશાળાની ઘણી જરૂર છે. બાળકીઓ ઘેર રહીને છાણ ભેગું કરતાં, અજાણ માતાઓનું અનુકરણ કરીને કજીઆ કરવાનું, તથા લગ્ન પ્રસંગે બીભત્સ ગાવાનું શીખેછે; એમને માટે શાળા થાય તો ભવિષ્યની પ્રજા સુધરે એ ખુલ્લુંજ છે. કેટલાક ગ્રહસ્થે એ આ વાત ધ્યાનમાં લીધીછે, પરંતુ હજુ કશી શરૂઆત થઇ નથી; આશા છે કે દેશના અગ્રેસરો આ વાત ધ્યાનમાં લેશે.

રૂ ૧૦) દસનું ઇનામ—"ઇડર દેશની પ્રજા, તેની આધુનિક સ્થીતિ, તથા ઉન્નતિના ઉપાય." આ વિષયપર શુદ્ધ, સરળને રસિક ગુજરાતિ શૈલિમાં બે ફરમાના લખાણવાળું એક પુસ્તક ઇડર દેશનો કોઇ રહિશ, તૈયાર કરી આપશે, અને બડોલી હિતેચ્છુ સભાના મેમ્બરોમાંથી નિમાયલી કમીટીના મેમ્બરોને પસંદ પડશે તો તેને ઉપરનું ઇનામ મળશે. આ સંબંધી પત્રવ્યવહાર નીચેને સરનામે કરવો.

બડોલી હિતેચ્છુ સભાના

સેક્રેટરી

બડોલી—મહીકાંઠા.

કંપનીઓથી હાલ બધો દેશ ઉજાડ થાય છે, કારણ કે એમાં મફતમાં દહાડા મળે છે!! પણ જરા અમારૂં પ્રોસપેક્ટસ

તો જુઓ ?! કાર્ડ લખશો કે મોકલી દઇશું. એજન્ટોને બહુ ન.

જગજીવન મૂળચંદ એન્ડ કં
સેક્રેટેરીઝ એન્ડ મેનેજર
વઢવાણ કાંપ.

ધી અમદાવાદ ફેન્ડલી સોસાઇટી, જેવી બીજી આખી દુનિયામાં નથી; એના ધારાજ બહુજ સુલભ છે, ઘણી ઝ્કસરથી કામ કરી નફો મેમ્બરમાં જાય, એવું કર્યું છે. કે.ઇ સ કંપની ન બાગે એવા કાનુનો છે. ખાતરી કરવા માટે નીચેના સરનામેથી પોસપેકટસ વગેરેમાં મંગાવો. એજન્ટોને આ એક ઉત્તમ તક છે.

સોમાભાઇ મંગળદાસ. એન્ડ કં—
સેક્રેટરી એન્ડ મેનેજર્સ—
રીચીરોડ—અમદાવાદ—

ગુર્જર ટોળક પ્રકાશ.—નામનું "માસિક" નવા વર્ષથી ચાલુ થશે. વાર્ષિક લવાજમ રૂ. એક. (આ માસિક પત્રમાં ઇડર દેશમાં રહેતા ઔદિચ્ય બાંધવો સંબંધી, બડોલી હિતેચ્છુ સભા સંબંધી ઇત્યાદિ વિષયોપર વિવેચન આવશે.) પત્રવ્યવહાર

દેવદત્ત માણકેશ્વર ભટ.
કરમસદ, જીલ્લે ખેડા.

અમે અમદાવાદનાં કેટલાંક પ્રેસોમાં કામ લીધા પછી શ્રી મુદ્રણકલામંદિર પ્રેસમાં છાપવાનું આપતાં, આ પ્રેસ સર્વોપરી છે એમ ખાતરી થઇ છે; આમાં કંઈપણ અતિશયોક્તિ નથી; આ પુસ્તકની સફાઇ પરથીજ માલમ પડશે કે કામ કેટલું સુંદર થાયછે! આ પ્રેસના ટાઇપ નવા છે, કંપોઝીટરો ચાલાક છે, અને કામનો બોજો બહુ છતાં ઘણી ઝડપથી છાપી આપવામાં આવેછે. ભાવ મધ્યમસર રાખેલા છે; ટુંકામાં અત્રે છાપવા આપનાર ગ્રાહકનું મનપસંદ થાયછે.

લી.
અમથારામ લીલાધર વ્યાસ.
'શંકરસ્તવન' પ્રસિદ્ધ કર્તા.
